
# પ્રેમાંજલિ



પૂ. પ્રેમ અવધૂતજી (લીંચ)

:સંપાદક:
પ્રા. કુલીન ગ. ઉપાધ્યાય

# નાયગ્રાધોધને નીરખતાં...

**ના**રાયણ નૃ નમું તને, અભિન્ન ભાવે સર્વદા,
**ય**તિ અવિરત વહી અહીં યજ્ઞ કાર્ય કરતા સદા.

**ગ્રા**મે, નગરે, જલરૂપે સર્વને સુખ અર્પતા,
**ધો**ઇ કલ્મષ સકલજનનાં પરનાં સર્વ દુઃખો હરતા.

**ધ**ર્યો નર નારાયણે જાણે ધોધરૂપે જલાવતાર,
**ને** તેના સોહમ્ નાદે પામે જનો શાન્તિ અપાર.

**ન**મસ્કાર કરું તને સર્વાત્મભાવે સર્વદા,
**મું**ડે[1] વહાવ્યું **પ્રેમ**-ઝરણું અર્પું તે[2] ચરણે મુદા.

– પ્રેમ અવધૂત

---

૧. મસ્તકમાં. ૨. રંગના.

Npra¼k: lprvL¡ fpS›ÞÖ D`pÝepe
“fpl-fNâd_u”, ApZv¡.
(dp.) 98252 94004.

âL¡p i L¡: 80du âdS›esu krdrs
Advp¡hpv¡.

k`pv¡L¡: âp. L¡gu_ N. D`pÝepe.
(dp.) 98245 04206

AphrÑ: â\d,
frhhpf, sp. 4-03-2012
**“âdpS›rgrv¡_”**, L¡prW¡epMpX¡.

âs: 2000

## k`pvÌLÌ_ r_hvÌ_

`|. âd Ah^|sÆ sp. 4\u abApfu, 2012 _ i r_hpf khpf 5.28 hpÁe LÌprWÌepMpXÌdp bûgu_ \ep. Ad_p grMs ApvÌ i dS›b_u ìe[¼sAp_u lpS›fudp Ðep S› A[Á_kõLÌpf \ep A_ dlu _vÌudp A[õ\ rhkS›_ `Z \ep. Ap b^ `Ðep `R›u S› b^p_ ÅZ LÌfhpdp Aphu. AdZ Ad_u `pvÌLÌpÆ A_ vÌXÌ_ `Z rQspdp dLÌu vÌhp_p ApvÌ i LÌep lsp s âdpZ S› b^ \e.

ALÌpALÌ dmgp Aphp ApOpsS›_LÌ kdpQpf\u c¼skdvÌpe lsâc \C Nep. ArsdvÌ i __u b^p_u CÃR›p A^fu flu NC. b^p k_d_ \C Nep.

Ad_p lõspnfdp S› gMpZ LÌfu Nep lsp A_u b^p c¼sp_ _LÌg dmu Ðepf A hpQu_ d__ \pXÌu iprs dmu, M|b gpbp rhQpf LÌep `R›u A_ `psp_ ârkrÙ _ dm A dpVÌ ALÌ kpdpÞe dpZ k_u S›d S›Þçep, Æìep A_ dÐe `pçep.

g]Q s\p NpdNpd îÙpS›rg A`pC.

sp. 4\u dpQ_p fpS› `|.bp`Æ_p bûgu_ \ep_ ALÌ dpk \pe R› Ðepf LÌprWÌepMpXÌdp epÅegu Ap âp_pkcpdp `õsLÌ Ap`hp_p rhQpf Apìep A_ A kvÌcdp \eg Ap âLÌp i _ b^p_ Nd i Ahu îÙp R›.

`|. bp`Æ_p QfZpdp âZpd.

- LÌgu_ N. D`pÝepe

# âdpS›rg

## A_¾$drZL$p


| ¾$d | gM / fQ_p | gML$ / fQresp | `p_ _-$ |
|---|---|---|---|
| 1 | âdph^|s Ýep_d | X$p. âp. AfZpv$e _. Å_u | 1 |
| 2 | âdhpL$k^p | `|. âd Ah^|sÆ | 3 |
| 3 | Æh_ Tfdf | îu NZ`scpC rd÷u | 11 |
| 4 | âd_u dIL$ | âp. L$gu_ N. D`pÝepe | 25 |
| 5 | `|. âd Ah^|sÆ `fv$ i dp | îu `L$S›cpC v$h | 36 |
| 6 | k¼spS›rg | X$p. âp. AfZpv$e _. Å_u | 38 |
| 7 | îu âdpôL$d | îu S›esugpg ApQpe | 39 |
| 8 | Archv$_ | X$p. Irfâkpv$ (^ufcpB) Åju | 42 |
| 9 | îuâdhÞv$_d | X$p. Irfâkpv$ (^ufcpB) Åju | 43 |
| 10 | hÞv$_Óeu | âp. îu rihcpB v$h | 46 |

| ¾¦d | gM / fQ_þ | gML¦ / fQresþ | `þ_ _.¦ |
|---|---|---|---|
| 11 | k[¼sL¦kdþS›rg | îu fdZ cþC i¼g | 48 |
| 12 | âdþS›rg | îu Nþthv¦ D`þÝeþe | 50 |
| 13 | âdNfhÞv¦_þ | iþ÷u S›eÞÖcþB v¦h | 52 |
| 14 | âdQþguukþ | âþ. L¦gu_ N. D`þÝeþe | 53 |
| 15 | âd âi[õs | âþ. AS›_u D`þÝeþe | 56 |
| 16 | `¦. âd Ah^¦sÆ_u rbfv¦þhguAþ | âþ. îu rihcþB v¦h s\þ AÞe | 57 |
| 17 | ^¦_ | kd_cþB `¦fþrls (cS›_cþõL¦f) | 58 |



# પૂ. પ્રેમ અવધૂતજી

જન્મ
૧૩-૦૯-૧૯૩૧
લીંચ

અંતિમ દર્શન

બ્રહ્મલીન
૦૪-૦૨-૨૦૧૨
કોઠિયાખાડ



પૂ.શ્રી બાપુજી, કોઠિયાખાડ



ઔદુંબરની પૂજા કરતા પૂ.શ્રી બાપુજી



## પૂ. પ્રેમ અવધૂતજી (લીંચ)

# (૧)

## પ્રેમાવધૂત ધ્યાનમ્

કાન્તં કારુણ્યપૂર્ણં ગુરુચરણયુગં સેવમાનં નિરીહં
શાન્તં રઙ્ગાશયજ્ઞં સ્મિતયુત વદનં શ્વેતકૂર્ચં સુહાસ્યમ્ ।
દાન્તં દીનાર્તબન્ધું શરણગતજન પ્રાર્થનં પૂરયન્તં
વન્દે પ્રેમાવધૂતં ગુરુહૃદયસરોજે વસન્તં દ્વિરેફમ્ ॥ ૧ ॥

**: અનુવાદ :**

કમનીય (સુંદર), કરુણાથી ભરેલા, ગુરુના યુગલ ચરણને સેવનારા, કામના (ઈચ્છા) રહિત, શાંત, રંગના આશયને (મનની વાતને) જાણી જનારા, સ્મિતયુક્ત મુખવાળા, સફેદ દાઢીવાળા, સુંદર હાસ્યવાળા, ઈન્દ્રિયોનું દમન કરનારા, દીન-દુઃખિયાના બેલી, શરણે આવેલાની પ્રાર્થના પુરી કરનારા અને ગુરુના હૃદયકમળમાં વસનારા એવા ભ્રમર (ભમરા)ને હું વંદન કરું છું.

(ભ્રમર = દ્વિરેફ. પ્રેમશંકરમાં પણ બે 'ર' છે એટલે દ્વિરેફ છે.)

*

કાન્તં કૃશં સુતપસા ગુરુસેવનેન
દાન્તં સુદીર્ઘસિત કૂર્ચ વિરાજમાનમ્ ।
શાન્તં સુદીપ્ત નયનં સુવિશાલ ભાલમ્
પ્રેમાવધૂત ગુરુવર્યમહં નમામિ ॥ ૨ ॥

**: અનુવાદ :**

યોગ્ય તપથી ગુરુસેવન વડે જેઓ સુંદર તથા કૃશકાય થયા છે, જેમણે શ્વેત લાંબી દાઢી- શોભતી ધારી છે અને જેમના નયન શાંત, તેજસ્વી અને વિશાલ લલાટ છે જેમનું એવા ગુરુવર્ય પ્રેમાવધૂતને વંદન કરું છું.

સેવાયાં ગુરુરઙ્ગરાજ ચરણે નીતં સ્વકીયં વયો
બુદ્ધ્વં સદ્ગુરુ માનસં સ્વમનસા ગુર્વર્પિતેનેહ દ્રાક્ ।
સિક્તા ભક્તજનાઃ સ્વનેત્ર કરુણા તોયેન યેનાન્વહં
તં વન્દે સ્મિત શોભિતાસ્ય કમલં પ્રેમાવધૂતં ગુરુમ્ ॥ ૩ ॥

- ડૉ. પ્રા. અરુણોદય ન. જાની

**: અનુવાદ :**

ગુરુ રંગરાજની સેવામાં જેમણે પોતાનું આયુષ્ય ગાળ્યું છે, સદ્ગુરુના માનસને સમજી સ્વકીય મનને જ જલદીથી ગુર્વર્પિત કર્યું છે અને નિજ નેત્રની કરુણાથી નિત્ય-પ્રતિદિન ભક્તજનોને ભીનાં કર્યા છે એવા સ્મિત વડે મંડિત મુખકમળવંત પ્રેમાવધૂત ગુરુને વંદું છું હું.

## (૨)

## પ્રેમવાક્સુધા

૧. જો બીજા પ્રત્યે ખરાબ વિચાર ન લાવીએ ને આવતાની સાથે ક્ષણાર્ધમાં દૂર કરીએ તો બધે આનંદ જ આનંદ છે.

૨. વારંવાર બદલાતી ઉપાસના ફળદાયી નીવડતી નથી. એક જ દેવની ઉપાસના ફળે છે.

૩. એકે સંકલ્પ એવો ન ઉઠવા દો, કે એકે શ્વાસ પણ એવો ન લો જેથી તેની વિશ્વ સંવાદિતામાં ક્ષોભ ઉત્પન્ન થાય.

૪. આચાર એ જ પ્રચાર.

૫. અવધૂત ના થવાય પણ અવધૂતના તો થવાય ને!

૬. મુક્તિની ઈચ્છા થાય ત્યારે માણસ તરફડે અને ગુરુની શોધમાં નીકળે.

૭. દેવને અને દેવત્વને બરાબર સમજો તો પસ્તાવાનો સમય નહિ આવે.

૮. વાણી, પાણી, અન્ન અથવા પરમાત્માની કોઈ પણ સંપત્તિનો દુરુપયોગ ન કરશો.

૯. તમને જેણે સમય આપ્યો છે તે સમય આપનારને સમય આપો.

૧૦. ઉપાસના નિત્યની હોય, અનિત્યની નહિ.

૧૧. દિવસના બચેલા સમયમાં શ્વાસે શ્વાસે તમારા ઈષ્ટદેવનું નામ લો.

૧૨. પરમાત્માના દરબારમાં ભેદ નથી.

૧૩. અધ્યાત્મને પામેલો પુરુષ તો જગતમાં ઊડે છે. આકાશ અને બ્રહ્માંડોને પણ ઠેકી જાય છે.

૧૪. બધે જ તત્ત્વ સ્વરૂપે સર્વમાં વ્યાપેલી એવી 'મા'ના ખોળામાં મને સદાય પોઢવા દો.

૧૫. નાનું બચ્ચું થવામાં આનંદ છે. હું તો એના ખોળામાં નચિંત છું.

૧૬. સમાજને ઉપયોગી એવું કોઈ પણ શુભકર્મ એ યજ્ઞ જ છે.

૧૭. સાધન સિદ્ધિ ગુરુપદ નેહુ- સાધન અને સિદ્ધિ બંને ગુરુના ચરણમાં પ્રેમ થાય એ છે.

૧૮. આપણું જીવન પરમ તત્ત્વ સ્વરૂપ ગુરુમહારાજ સાથે એવું એકાકાર થઈ જવું જોઈએ કે જેથી ગુરુમહારાજના બની જઈએ.

૧૯. અવધૂતગાથા એટલે અવધૂતના ગુણ 'ગા' અને અવધૂત 'થા'.

૨૦. ગુરુ ગોવિંદ કરતાં અધિક છે એનું કારણ એ છે કે ભગવાન તમને સીધેસીધો અનુભવ કરાવી શકતો નથી પરંતુ આવા દેવપુરુષો દ્વારા જ તમને મૂળ ધામે પહોંચાડી દે છે.

૨૧. 'મા' વિનાના બચ્ચાની શી દશા હોય તે તો જે અનુભવે તે જ જાણે.

૨૨. ગુરુમહારાજને ગમે તે કરવું અને ના ગમે તે ના કરવું એ જ મારી સાધના બની ગઈ.

૨૩. આપણા ગુરુમહારાજ એ અગ્નિનું પ્રગટ સ્વરૂપ છે અને તે દ્વારા જ આપણા હૃદયમાં રહેલા પરમાત્માની પિછાન થાય છે.

૨૪. સામૂહિક નામસંકીર્તનના પાઠ દ્વારા, જપ, ભજન અને પૂજનના મંત્રો દ્વારા શિવઆંદોલન પ્રગટે છે.

૨૫. તમારું એક એક કરણ, તમારું કંઈ ન રહે, એવી રીતે, એને સમર્પિત થઈ જાઓ.

૨૬. કરશો તેવું પામશો.

૨૭. સત્કર્મો દ્વારા વિચાર, વાણી અને વર્તનને શુદ્ધ કરવાના હોય છે. નહિ તો તે માત્ર ક્રિયા જ રહે છે.

૨૮. ઈચ્છા કરવાથી દુઃખ પ્રાપ્ત થાય છે. માટે નિરિચ્છ રહેવા પ્રયત્ન કરવો.

૨૯. દેવથી દેવત્વની ઉપલબ્ધિ થાય, સ્વમાં સ્થિત થવાય એવી ઉપાસના કરવાની.

૩૦. જાણેલું કામમાં નહિ આવે. જીવેલું કામમાં આવશે.

૩૧. મૌનમાંથી શૂન્યમાં પહોંચશો.

૩૨. આખરે અહીંયાં બધુ છોડીને જવાનું છે તો પહેલેથી એના ચરણમાં શા માટે નથી છોડતા?

૩૩. પ્રેમ વિના બધું જ નકામું છે.

૩૪. એકને જ પકડો, સમજીને પકડો અને પકડ્યા પછી આખું બ્રહ્માંડ એના પર ઓવારી નાંખો.

૩૫. ગમે તે થાય પણ જ્યાં ગુરુમહારાજનું કામ આવે એટલે બધા જ મતભેદો ભૂલી જજો.

૩૬. મૂળપુરુષ વૃત્તિથી ન ચળે તો સામાના સંકલ્પો ફળે.

૩૭. જેનામાં દત્તના ગુણોનો આવિર્ભાવ થાય તે દત્તસ્વરૂપ કહેવાય.

૩૮. અંતરની સાચી પ્રાર્થનાથી અંતરમાં બેઠેલો દેવ તમને ગુરુ'મા'નો ભેટો કરાવી આપશે.

૩૯. પોતાના દોષ જુઓ અને પારકાના ગુણ જુઓ.

૪૦. આત્મસ્વરૂપનો અનુભવ કરવો હોય તો રોજ રાત્રે પ્રાર્થના કરો.

૪૧. માણસ જ્યાં સુધી પોતાનો ધર્મ નહિ સમજે ત્યાં સુધી સ્વપ્નમાંય સુખ-શાંતિ નહિ પામે.

૪૨. કથા શબ્દના 'ક'નો અર્થ બ્રહ્મ થાય છે એવું ઉપનિષદો કહે છે.

૪૩. માણસે જીવન એવું જીવવું જોઈએ કે એનું સર્વ કર્મ પૂજા બની જાય છે.

૪૪. તમારા હરેક વિચાર વાણી અને વર્તન પર ચોકી મૂકી દો.

૪૫. રોજ રાત્રે સૂતી વખતે પ્રાર્થના કરો.

૪૬. સાચા પ્રેમનો આરંભ ત્યાં થાય છે જ્યાં બદલાની અપેક્ષા હોતી નથી.

૪૭. સમગ્રતાનો એ નિયમ છે કે જે વસ્તુ જ્યાંથી ઉત્પન્ન થાય છે, ત્યાં જ વિસર્જન પામે છે.

૪૮. જીવનમાં સદાચારને જો દેશવટો આપીએ તો આપણને પણ સુખ શાંતિ નહીં મળે.

૪૯. પૂજા અને નમસ્કાર બધા જ દેવને થાય, પણ ધ્યાન તો એક જ દેવનું થાય.

૫૦. તમારે દુઃખ હોય તો કોઈની આગળ ના રડશો. રડવું જ હોય તો બાપજી આગળ રડો.

૫૧. ગુરુમહારાજનું સંડાસ એ મારું સાધના મંદિર છે.

૫૨. જે પરનો વિચાર કરે તેને પરબ્રહ્મ મળે.

૫૩. અવધૂતનો પ્રચાર હોય ખરો? એનો તો પ્રસાર હોય અને તે આપોઆપ જ થાય.

૫૪. અવધૂતને તો આચરવાની જરૂર છે, જીવવાની જરૂર છે.

૫૫. હું અવધૂત નહિ, પણ અવધૂતનો બનું, બાપજી નહિ, પણ બાપજીનો બનું.

૫૬. બાપજીનું મૌન તો આરપાર ભેદીને અંતરના તાર ઝણઝણાવે તેવું સ્ફોટક હતું.

૫૭. ગુરુમહારાજ પોતે જ આશીર્વાદસ્વરૂપ હતા અને છે.

૫૮. આપણું જીવન એવું સંવાદિતામય થઈ જવું જોઈએ કે જગતમાં જ્યાં જઈએ ત્યાં આપણી સુગંધી ફેલાય અને ગુરુમહારાજ રાજી રાજી થઈ જાય.

૫૯. ભગવાને આ વિશ્વમંદિરને શુદ્ધ અને પવિત્ર રાખવા માટે આપણને અહીં મૂક્યા છે.

૬૦. ગુરુમહારાજ પોતે જ કલ્પવૃક્ષ હતા અને છે. તેની આગળ બેસીને જે સંકલ્પ કરે તે સિદ્ધ થાય જ. સંકલ્પ કરતાં આવડવું જોઈએ.

૬૧. અવધૂતની અનુભૂતિ એ તમારી સાધના પણ છે અને સાધ્ય પણ.

૬૨. આપણે તો અવધૂતના સાચા બાળક બનવાનું છે.

૬૩. જ્યાં સંકલ્પ થોભી જાય એટલે કે મન થોભી જાય ત્યાં આનંદનો સમુદ્ર રેલાય.

૬૪. સિનેમા-નાટકમાં મનનું રંજન થાય છે પણ આભા ઢંકાય છે.

૬૫. જીવનમાં જે ખૂટે છે તે પૂજન દ્વારા મેળવવાનો ભાવ જ પરમાત્મા તરફ ગતિ કરાવે છે.

૬૬. ગુરુમહારાજ અનંતના આરાધકોનું શ્રેય કરી બધાને આનંદના સાગરમાં ડૂબાડે એવી પ્રાર્થના.

૬૭. આપણે આ જીવભાવ-પરિમિતભાવમાંથી છૂટીને શિવભાવ-અપરિમિતભાવમાં ભળવું છે.

૬૮. ભૌતિકતામાં રાચેલાં મન-બુદ્ધિ જીવને શિવ થવામાં અવરોધક બને છે.

૬૯. વેદવાણી-વેદનું ગુંજન- એટલે પરબ્રહ્મને વ્યક્ત થવાની વાણી.

૭૦. કોઈપણ ઈષ્ટદેવના સ્વરૂપનું એકનિષ્ઠાપૂર્વક ધ્યાન ધરો જેથી બહારનો ફોટો અંદર પ્રતિબિંબ પામીને આખા બ્રહ્માંડમાં વ્યાપી જાય.

૭૧. બસ! આપણામાં એટલું સત્ત્વ તો હોવું જ જોઈએ કે એ જે કંઈ ફેંસલો આપે હસતાં હસતાં સ્વીકારી લઈએ.

૭૨. સ્થાનની કે સમાજની સેવા કરવામાં સર્વવ્યાપી અવધૂતની સેવા કરવાનો ભાવ ઊભો થાય છે.

૭૩. બધાના હૃદયમાં અત્યારે પ્રગટ સ્વરૂપે ગુરુ 'મા'ને હું જોઈ રહ્યો છું.

૭૪. સેવા કરનાર માન-અપમાનથી દૂર રહે છે.

૭૫. સેવાવૃત્તિ અહંકાર દૂર કરવાનુ અમોઘ સાધન છે.

૭૬. એણે મારી સેવા સ્વીકારી એ જ મારા કોટિ પુણ્યનો ઉદય.

**૭૭. પ્રેમથી જીવો.**

**૭૮. પ્રેમમાં જીવો.**

**૭૯. પ્રેમને જીવો.**

**૮૦. પ્રેમ આપો, પ્રેમ મળશે. કદાચ સામેથી પ્રેમ ન મળે, તો પણ પ્રેમ આપ્યાનો સંતોષ તો થશે જ.**

**૮૧. પ્રેમ એ જ પરમાત્મા છે.**

**ૐ**
**પ્રેમ**

✻

# (૩)

## જીવન ઝરમર

કોઈ પણ સંતપુરુષની જીવન ઝરમર લખવાનું સાહસ કરવાના વિચારમાત્રે જ શ્રીગુરુલીલામૃતના પેલા દોહરાનું સ્મરણ થઈ જાય જ.

ચણા ચાવવા લોહના ના બચ્ચાનો ખેલ,
રંગ ગુરુકૃપા હોય તો કરે મોતથી ગેલ.
(અ. ૪૦, દો. ૧૦૨)

સંતોનું જીવનચરિત્ર જાણવાથી શું ફાયદો? શા માટે સંતોની જીવન ઝરમર લખવી જોઈએ?

સંતોની જીવન ઝરમર આપણને હૂંફ આપે છે, માર્ગદર્શન આપે છે અને પ્રેરણાબળ પૂરું પાડે છે. આવી જીવન ઝરમર આપણા જીવનમાં પણ સંતત્વ પામવાની ઈચ્છાને પ્રગટ કરે છે, પ્રબળ કરે છે અને આપણને એ પથ પર પદાર્પણ કરવાની પ્રેરણા આપે છે.

સંત પોતે તો પોતાની જીવન ઝરમર લખાય એવું ન ઈચ્છે કારણ કે જીવન ઝરમરમાં કેવળ સારી સારી વાતોનું ઢોલ ચારેબાજુથી પીટાતું હોય છે. પણ એવા અભિવાદનનો હેતુ સારા આચરણની મહેકને પ્રસરાવી ઘણી વ્યક્તિઓને મહેકતા

કરવાનો જ છેને! અને સદ્ગુણ દર્શન દ્વારા સદ્ગુણોનો વિકાસ થાય એ સ્વાભાવિક છે.

પૂ. પ્રેમ અવધૂતજીનું મૂળ નામ પ્રેમશંકર. પિતાનું નામ કૃપાશંકર અને માતાનું નામ શાંતાબહેન. પ્રેમ-કૃપા અને શાંતિનો ત્રિવેણી સંગમ. લાડનું નામ બચુ. બચુભાઈ તરીકે વધુ જાણીતા-ગામમાં અને રંગ પરિવારમાં પણ.

મુ. કૃપાશંકર પર દેવની એવી અવકૃપા કે અગિયાર વર્ષે તદ્દન એકલા પડી ગયા. ત્રણ વર્ષની ઉંમરે પિતાની છત્રછાયા ગુમાવી. નવમે વર્ષે 'મા'ની હૂંફાળી ગોદ ગુમાવી અને અગિયારમા વર્ષે એકમાત્ર માડીનો જાયો ગુમાવ્યો. ઉપર આભ અને નીચે ધરતી.

મુ. કૃપાશંકર કપરી સ્થિતિમાં પણ સંતસેવા અને દેવસેવા કરવામાં 'ખડે પગે' તૈયાર રહેતા. કૃપાશંકરનાં લગ્ન એ જમાનાની દૃષ્ટિએ ખૂબ ખૂબ મોડાં થયાં કહેવાય. પાંત્રીસ વર્ષે પ્રભુતામાં પગલાં પાડ્યાં અને તે પણ જોટાણાના સંત શ્રી શાલિગ્રામજીના આશીર્વાદના બળે. સાટા પદ્ધતિના જમાનામાં એકલા કૃપાશંકરને કોણ કન્યા આપે? પણ શાલિગ્રામજીનું વરદાન હતુંને! "ઉત્તરસે આયેગા." કૃપાશંકર અને શાંતાબહેનના દાંપત્ય જીવન ઉપર સંતના આશીર્વાદની મીઠી નજર હતી.

લગ્નજીવનનાં ચાર વર્ષ પછી સંતાનયોગ આવ્યો. કૃપાશંકર શિવજીના પરમ ભક્ત અને સૌ. શાંતાબહેન કૃષ્ણના પરમ ભક્ત. **'એકો દેવો કેશવો વા શિવો વા'** એ ન્યાયે દેવ તો ક્યાં શિવ ક્યાં કેશવ. જ્યારે આમણે તો બંનેને સાધ્યા. પ્રથમ પુત્રી ને પછી પુત્ર. શિવભક્ત કૃપાશંકરની શ્રાવણ માસની ભક્તિના ફળરૂપે વિ. સં. ૧૯૮૭ના ભાદરવા સુદ એકમ ઉપર બીજને દિવસે (તા. ૧૩-૯-૧૯૩૧) એમને ત્યાં પુત્રજન્મ થયો. ગામ આખું આનંદના હિલોળે ચઢ્યું. 'ભગવાન શંકર ફળ્યા'ની ભાવના સાથે ગામમાં ઉત્સવનું વાતાવરણ જામ્યું.

શ્રી કૃપાશંકરને બે સંતાન. પુત્ર પ્રેમશંકર નાના અને પુત્રી સોમીબહેન મોટા. સોમીબહેનનું નામ જશોદા-યશોદા હતું. બચુભાઈના જન્માક્ષર તૈયારી કરીને ફળાદેશ વાંચતા જોશીએ કહ્યું કે કર્કનો ગુરુ દેહસ્થાન પર છે એટલે આ બાળકનો આ છેલ્લો જન્મ ગણાય. ખૂબ આધ્યાત્મિક થશે.

બાળપણમાં વાંકડિયા વાળ એટલે સરસ દેખાય. પોતે જાતે જ વાળ પકડે પરંતુ છોડતા ન આવડે એટલે રડે. પકડ્યું તે છોડવું નહિ એનો જાણે સંદેશો નહિ આપતા હોય!

ભણવામાં પહેલેથી હોશિયાર. કાયમ પ્રથમ નંબર જ મેળવે. એકવાર બીજે નંબરે ઉત્તીર્ણ થયા ત્યારે ખૂબ રડ્યા.

ખૂબ નાના હતા, માંડ એક વર્ષના હતા, ત્યારે બનેલો પ્રસંગ બહુ સૂચક છે. ઘોડિયામાં સૂતા હતા ત્યારે ઘોડિયા નીચે એક મોટો ફણાવાળો સાપ આવ્યો. જોતાં જ ગભરાઈ જવાય એવો લાંબો અને કાળો. થોડી વાર ઘોડિયાની આજુબાજુ ફરીને અનાજની ગૂણ વચ્ચે ભરાઈ ગયો જેને પકડવામાં બહુ જહેમત બાદ સફળતા મળી. બે માણસોએ ઊંચકેલો ત્યારે મૂકી આવી શક્યા તેવો હતો. આ પ્રસંગ જોનારા જાણે એનો અર્થ કરતા હોય તેમ કહેવા લાગ્યા કે બાળક આગળ જતાં આધ્યાત્મિક માર્ગે આગળ વધશે.

નાનપણથી જ પંથ નિરાળો. 'મા'ના ખોળામાં માથું મૂકી રાત્રે ધ્રુવ-પ્રહ્લાદ અને મીરાં-નરસિંહની વાતો સાંભળવાની ટેવ, પરિણામે ૬ વર્ષની ઉંમરથી જ મન ભગવાનની સેવા તરફ વળ્યું. સ્કૂલમાં જવાનું શરૂ થયું ત્યારથી રોજ, શિક્ષકને જઈને અચૂક પગે લાગવાનું. આ નિયમ કદી તૂટ્યો નહિ.

વિદ્યાર્થી અવસ્થામાં પણ સમાધાનકારી વલણ, કોઈ સાથે ઝઘડો કર્યો નથી. મૂળે ઝઘડાનું વાતાવરણ જ ના ગમે. સાત્ત્વિકતા પ્રધાન સ્વભાવ એટલે આજે પણ અજાતશત્રુ જેવા. બધાને સામેથી બોલાવે અને પ્રેમભરી અમૃતમય વાણીથી એમના અંતરને ઠંડક આપે.

થોડા મોટા થયા એટલે નર્મદા કિનારે નાસી જવાના વિચારો આવ્યા કરે. પોતાના લંગોટિયા દોસ્ત મૂળજીભાઈ

સાથે પણ આ જ વાત, ભજન, કીર્તન અને પ્રભુપ્રાપ્તિ માટે સદ્‌ગુરુની શોધની જ ચર્ચા.

ભજનની લગની લાગી. ગાયત્રીનાં અનુષ્ઠાનો શરૂ થયાં. અનુષ્ઠાન વખતે મૌન અને કેવળ ગાયનું દૂધ લેવાનું. ગાયત્રીના ત્રણ પુરશ્ચરણ કર્યાં. અંતઃકરણ દૂષિત થવાની ઉંમર આવે એ પહેલાં જ મન ઈશ્વર તરફ વળી ગયું. કુમળી વયે ઈશ્વરાભિમુખ વલણથી ખુલ્લી આંખે પણ આકાશમાં નજર કરતાં ઉપાસ્ય દેવ દેખાય. ઉપાસ્ય દેવ ગાયત્રી 'મા' હોવા છતાં વિષ્ણુ, શિવ, કૃષ્ણ, માતાજીની ઉપાસના પણ કરી. હનુમાનજી પર સવિશેષ પ્રીતિ. કદાચ હનુમાનજીની સેવાવૃત્તિ જ આકર્ષણનું કારણ હશે. હનુમાન ચાલીસા અને સુંદરકાંડના પાઠ કરતા રામ રામના ખૂબ જપ કર્યા. દુકાનમાં બેસીને ધંધો કરે પરંતુ ફાજલ સમયમાં 'રામ' નામનો જપ ચાલે. રામ રામની રોજ પાંચસોથી એક હજાર (૧૦૦૦) માળા કરે, વ્યવહાર અને પરમાર્થ બંને સાચવવાની હોશિયારી નાનપણથી જ લોહીમાં ઊતરી આવી.

પૂજા કર્યા વિના પાણી નહિ પીવાનું વ્રત. ૧૩ વર્ષની ઉંમરથી શંકરનું લિંગ સાથે જ રાખે. પવિત્રતા અકબંધ જાળવે. બ્રહ્મકર્મ કર્યા પછી જ બીજી વાત. ભગવાન શંકર પર સૌથી વધુ શ્રદ્ધા, જાણે પિતાશ્રીનો વારસો મળ્યો.

મન ઉપર ભક્તિની ઘેરી અસર. રાત્રે પણ એના જ વિચારો એટલે સપનામાં પણ એ જ વાતાવરણ. જાગ્રત અવસ્થાનું પ્રતિબિંબ સ્વપ્ન અવસ્થામાં પડેને! સ્વપ્ન ઘણી વાર ભાવિનું સૂચન પણ કરતા હોય છે.

એક દિવસ બચુભાઈને દિવ્ય સ્વપ્ન આવ્યું. એ સ્વપ્નની ફળશ્રુતિ આજે ચરિતાર્થ થતી જોવા મળે છે.

નાની એક રૂમ. પશ્ચિમ દિશાનું બારણું. બારણાની ડાબી બાજુમાં કૂઈ, કૂઈમાંથી પાણી ખેંચી સ્નાન કર્યું. ભસ્મ લગાવી અંદર ગયા. અંદર જઈને શું જોયું?

આખો રૂમ સાધુસંતોથી ખીચોખીચ ભરાયો હતો. બધા જ પાંચ મણથી વધુ વજનવાળા સિદ્ધપુરુષો હતા. હું અંદર જઈને પગે લાગ્યો એટલે એક બાવાના વેશમાં બેઠેલા સિદ્ધપુરુષે કહ્યુંઃ "તમારો જન્મ સંસાર પૂરતો નથી થયો. અમે તિબેટના મહાત્માઓ છીએ. વિશ્વમાં ધર્મવ્યવસ્થા જાળવીએ છીએ. જેની જ્યાં જરૂર પડે ત્યાં તેને મોકલીએ છીએ."

બસ! આંખ ખૂલી ગઈ.

સ્વપ્ન દ્વારા દીક્ષા અપાતી હોય છે, સ્વપ્ન દ્વારા ભાવિ સંકેત અપાતા હોય છે. એટલે બધાં સ્વપ્ન હસી કાઢવા જેવાં નથી હોતાં.

નિયતિ એના વિધાન મુજબ સોગટાં ગોઠવ્યે જતી હતી અને ધીમે ધીમે બચુભાઈને જીવનનાં સુખદુઃખના અનુભવ કરાવ્યે જતી હતી. ગામડામાં મધ્યમવર્ગની સ્થિતિવાળું કુટુંબ હતું. કાપડની દુકાન, પાન-બીડીની દુકાન, દોરી રંગવાનું કામ- બધું જ કરતા હતા. 'નેક કમાઈ કરલે ભાઈ! ઈસમેં સબ કુછ આઈ'નો એકડો ઘૂંટાતો હતો. પિતાશ્રી કર્મકાંડી હતા. ધર્મગ્રંથો વાંચવા, યજ્ઞયાગાદિમાં જવું અને ગામમાં યજમાનોનું ગોરપદું પણ એ સંભાળતા.

૧૮ વર્ષની ઉંમરે બચુભાઈએ ગૃહસ્થાશ્રમમાં પ્રવેશ કર્યો. અંબાજીની બાધાને કારણે જન્મેલાં શ્રી મધુબહેન સાથે લગ્ન થયાં. પાંચ ભાઈની એક બહેન. પાંચ પુત્ર સંતાન થયા એટલે પિતાને પુત્રીની ઝંખના જાગી અને મા અંબાજીની બાધા રાખી. પિતાની બાધા ફળી અને ઘરે કન્યારત્ન જન્મ્યું. તે જ મધુબહેન.

શ્રી બચુભાઈ અને મધુબહેનનું દાંપત્યજીવન સુખદુઃખની લહેરખી અનુભવતું આગળ વધ્યું. લગ્ન પહેલાં જ સિનેમા નહિ જોવાનું વ્રત ૧૬ વર્ષની ઉંમરે લીધેલું. હનુમાનપ્રસાદ પોદ્દારનો લેખ 'સિનેમા-મનોરંજન યા વિનાશ કા સાધન' વાંચ્યા પછી સિનેમાને તિલાંજલિ આપી દીધી. એ જ ઉંમરે કોઈ પણ પ્રકારનું વ્યસન નહિ. ૧૯ વર્ષ પછી એટલે કે લગ્ન પછીનાં બીજે વર્ષે જ ચામડું પહેરવાનું બંધ. 'ચામડાની કરુણ

કહાની' વાંચી એટલે પગરખાં પહેરવાનાં છોડી દીધાં. શરૂઆતમાં પાંચ વર્ષ ખુલ્લા પગે ફર્યા અને પછી કૅન્વાસના બૂટ સ્વીકાર્યા.

જીવનને કપરા સંજોગથી ઘડવાનું ભગવાને વિચાર્યું હોય એમ એક પછી એક એવા બનાવો બનતા ગયા. પોતાની વહાલસોઈ બહેનનું આકસ્મિક કરુણ અવસાન થયું. બે વર્ષની પુત્રી કોકિલા અને સાડા આઠ માસના પુત્ર નવીનને શ્રી ભાઈના હાથમાં સોંપી બહેને ચિર વિદાય લીધી. બહેનના મૃત્યુની ઘેરી અસર થઈ.

ભાણા-ભાણીને લીંચ રાખ્યા. બસ! વાળ ઓળવાના બંધ કર્યા. વાળ કઢાવી નાંખ્યા અને પછી ઓળવા પડે એટલા વધવા દીધા જ નહિ. બહેનના મૃત્યુ પહેલાં પણ વાળ ઓળતા તો પાંથી તો પાડતા જ નહિ. ઊભા જ ઓળતા. યુવાનીમાં ત્રણેક વર્ષ સંગદોષે દુન્યવી જગતના આવેલા દોષને તાણી જવા માટે બહેનનું મૃત્યુ નિમિત્ત બન્યું અને જીવનને જબરો વળાંક મળ્યો.

સંત બનનારી વ્યક્તિનું જીવન ગુલાબની પથારી સમું નથી હોતું. પથ્થર શિલ્પીના ટાંકણા સહન કરે છે પછી જ મૂર્તિમાં રૂપાંતરિત થાય છે. મધ્યમ સ્થિતિ અને બહેનની વિદાયનું દુઃખ, વધેલી જવાબદારી અને ચિંતાનો સામનો કરતાં કરતાં પણ આધ્યાત્મિક માર્ગનાં સોપાન તો સર કરવાનું ચાલુ જ હતું.

આજ સુધીની સાધનાના પરિણામે ૧૮ વર્ષની ઉંમરે ગુરુમહારાજ મળ્યા. સને ૧૯૫૦ના સંવત ૨૦૦૬ના ચૈત્ર સુદ પાંચમને દિવસે ભોગીમામા સાથે નારેશ્વર ગયા. પૂ.શ્રીનાં દર્શન કર્યાં. બીજે દિવસે આંખ જોઈ અને બસ! ગુરુમહારાજમાં ખોવાઈ ગયા.

પૂ.શ્રી તરફ મન વળી ગયું. પૂ.શ્રીનું એવું ઘેલું લાગ્યું કે સંસારમાં રહેવા છતાં મન ગુરુજી પાસે ફરવા લાગ્યું. ધીરે ધીરે ઘરમાં પણ બધાંને રંગનો રંગ લાગવા લાગ્યો.

ભરતભાઈના જન્મ વખતે મધુબહેને ૩૧ દિવસ સુધી સંકીર્તનના રોજ ૧૬ પાઠ કરેલા. જન્મ પહેલાં વાસદમાં રહેતાં મધુબહેનને એક ડોસાએ આવા આશીર્વાદ આપ્યા કે "બહેન! ચિંતા કરીશ નહિ. તને દીકરો આવશે." કોણ હશે આ વૃદ્ધ પુરુષ? શોધ કરી પણ જડ્યા જ નહીં અને કંઈ લીધું પણ ન હતું. મંજુબહેનના જન્મ વખતે છેલ્લા બે મહિના સંકીર્તનના રોજ ૧૬ પાઠ કરતા. રંગભક્તિમાં ડૂબી જઈને જીવનવ્યવહાર ચલાવીએ તો એ પણ ભક્તિ જ બનેને!

ભરત, જગદીશ અને રાધેશ્યામ એ ત્રણ પુત્રો અને મંજુલા તેમ જ રંજન એ બે દીકરી. ત્રણે પુત્રનાં લગ્ન થયાં એટલે ત્રણ પુત્રવધૂઓઃ સૌ. ઈન્દિરા, રેખા અને નીતા.

શ્રી પ્રેમ અવધૂતજીને જોઈએ એટલે સમર્થ ગોદડિયા મહારાજ સ્વામી પ્રકાશાનંદજીના ગુરુ ગોરધનભાઈ લલ્લુભાઈ યાદ આવે. ગોરધનભાઈ ડેપ્યુટી કલેક્ટર, ગૃહસ્થી, પત્ની, પુત્ર સાથે માંડેલો પરિવાર પણ ખરો અને છતાં આવા ગૃહસ્થી સ્વામી પ્રકાશાનંદજીના ગુરુ બન્યા. 'ધન્યો ગૃહસ્થાશ્રમઃ' તે આનું નામ. આપણા ઘણા ઋષિઓ પરિણીત છે ને સંતાનવાળા પણ છે. અને છતાં કોનામાં આધ્યાત્મિકતાની ઊણપ દેખાય છે?

ગુરુમહારાજ સ્થૂળ દેહે ઉપસ્થિત હતા ત્યારે બચુભાઈએ ૧૯૫૦ થી ૧૯૬૮ સુધી સેવાધર્મ સ્વીકાર્યો. એમની સેવાસૂઝ અને ગુરુનિષ્ઠાની વાતોથી આપણે સુપરિચિત છીએ. ગુરુમહારાજની સેવા એવી સૂક્ષ્મતાથી કરી કે ગુરુમહારાજ પણ મન મૂકીને એમના પર વરસ્યા. બાપજી લીંચમાં કુલ ચાર વાર આવ્યા. પહેલી વાર ભોગીમામાના ખેતરમાં કુટીરમાં રહ્યા અને પછી છેવટ સુધી બચુભાઈના ખેતરમાં કુટીરમાં રહ્યા. આજની અવધૂત કુટીર એ જ બાપજીનું વિશ્રામ કરવાનું સ્થાન. લીંચ તો **મિનિ નારેશ્વર. લીંચ તો દિવ્યોત્તમ ધામ થશે** અને **ગુજરાતમાં દેહ છોડીશ તો લીંચમાં છોડીશ** એવું કહેનાર ગુરુમહારાજે હરિદ્વારમાં જઈ તા. ૧૯-૧૧-૧૯૬૮ને કારતકી ચતુર્દશીયુત અમાવસ્યાને દિવસે દેહલીલા સંકેલી લીધી.

હરિદ્વાર જતાં સાબરમતીમાં બાપજીએ "હું લીંચ આવીશ" એમ કહેલું અને પછી બ્રહ્મલીન થયાના સમાચાર સાંભળતાં જ અન્ન છોડી દીધું. લીંચથી નારેશ્વર જવા નીકળ્યા તો પાણી પણ પીધું નહીં. રાત્રે ચાર વાગ્યે લીંચથી નીકળ્યા અને પહોંચ્યા બપોરે ૧ વાગ્યે. બાપજીના દેહને અગ્નિસંસ્કાર કર્યા પછી રાત્રે ૪ વાગ્યે નર્મદામાં નાહવા ગયા ત્યારે જલપાન કર્યું.

નારેશ્વરથી લીંચ પરત થયા. ઉદાસીનતા અને આર્તભાવથી ઘેરાયેલા રહ્યા. ગુરુમહારાજ માઉલીના જવાથી નોંધારા થવાની લાગણી હૃદયમાં સતત ઊભરાતી રહી. "આવીશ કહીને કેમ ન આવ્યા?" આ એક જ રટણ. મને છેતર્યો કેમ? મારી સાથે જૂઠું કેમ બોલ્યા? ૨૪ કલાક આ જ વિચાર, એ જ રટણ. બાપજી સાથે રિસાયા. હઠ પકડી. 'બાલહઠ અતિ આકરી' જેવું થયું. ગુરુમહારાજે ૧૮મા દિવસે દૃષ્ટાંત આપ્યો. ૧૨૨-૧૨૨ બાપજીએ કહ્યું એટલે '૧૨૨મા અધ્યાયનો ૧૨૨મો દોહરો વાંચ.' આજ્ઞા પ્રમાણે દોહરો વાંચ્યો તો દોહરો આ પ્રમાણે હતોઃ

"કારણ કે જનદષ્ટિથી ત્યાગે સિદ્ધ શરીર,<br>
તો યે સર્વાંતર વિશે રહે નિત્ય એ ધીર."

બસ! હૃદયાશ્વાસન મળી ગયું અને પછી જીવનને વળાંક મળી ગયો. પૂ.શ્રી ૧૯૬૮માં બ્રહ્મલીન થયા અને બચુભાઈને ૧૯૮૧માં પ્રેમ અવધૂતજી તરીકેનું નામાભિધાન મળ્યું એ અરસામાં જીવનપ્રવાહ સત્ત્વશીલ અને સેવા-મમતા-પ્રેમભર્યો જ. સામા પર પ્રેમવર્ષા કરવાની ગજબની વૃત્તિ. બે-ચાર પ્રસંગો નોંધ્યા વિના રહી શકતો નથી.

ગામમાં એક બહુરૂપી આવ્યો. ઘણા દિવસો સુધી બહુરૂપીના ખેલ કર્યા. ત્યાં એની તબિયત બગડી. બહુરૂપી તો આખા ગામનો અને છતાં કોઈનો જ નહિ. હવે એમની સેવા કોણ કરે? મુ. બચુભાઈએ તેને માટે બધી જ વ્યવસ્થા કરી અને અંતકાળ સાચવ્યો. એમનાં શાંતાબાએ છેલ્લે ગંગાજળ મૂક્યું. મુ. બચુભાઈએ અગ્નિસંસ્કાર કર્યો.

લીંચના એક ગરીબ બહેન! બીડી પીવાની ટેવ પડેલી. બીડીના પૈસા માટે મુ. બચુભાઈના ખેતરમાં કાલાની ચોરી કરવા પેઠાં. કાલાં ચોરીને નીકળવા જાય ત્યાં જ રખેવાળે પકડ્યાં. કાલાં લઈ લીધાં. બીજે દિવસે મુ. બચુભાઈને વાત કરી. મુ. બચુભાઈએ આજ દિન સુધી ચોરી કરવાનો ઠપકો તો નથી જ આપ્યો પણ એ ચોરી કરતાં પકડાયાં છે એ વાત પોતે જાણે છે એ વાત પણ જાણવા દીધી નથી. હજી આજે પણ એની કાળજી લે છે કે જેથી ચોરી કરવાનું મન થાય જ નહિ. કેવું માનવતાભર્યું વર્તન! કેવી મહાનતા!

ઉનાળાની સખત ગરમીના દિવસોમાં લીંચથી અમદાવાદ કામે ગયેલા. પાંચકૂવા પાસેથી પસાર થતા હતા ત્યાં જ એક ફકીરનો દર્દભર્યો અવાજ કાને પડ્યોઃ "હૈ કોઈ અલ્લાકે નામ પર પાની પિલાનેવાલા?" અવાજમાં નરી આજીજી અને આર્તતા હતી. મુ. બચુભાઈ થોડા આગળ ગયા ત્યાં ફરી પાછો એ જ અવાજ કાને પડ્યો. અને હૈયું હાથમાં ન રહ્યું. પોતાને કામની ઉતાવળ હતી તોપણ પાછા ફર્યા. પાસે જઈને પૂછ્યું તો એ ફકીરે પાસે કોઈ નળ હશે ત્યાંથી પાણી લાવવા કહ્યું. મુ. બચુભાઈએ ફકીરને પાણી લાવી આપ્યું અને ફકીર પણ પાણી પીતાં પીતાં બોલ્યો, "અલ્લા તેરા ભલા કરેગા." હૃદયના ઊંડાણમાંથી મળતા આશીર્વાદ ન ફળે તો શું ફળે? અને આવા તો કેટકેટલાના આશીર્વાદો એ મેળવી ચૂક્યા હતા.

માનવસંબંધોમાં જ આવી પરોપકારી વૃત્તિ હતી એવું નહિ. દયાભાવ તો એવો સૂક્ષ્મ કે એને સમજવો પણ મુશ્કેલ. પોતાની જમીનમાં ૧૯૬૬માં જવનો પાક તૈયાર થતો હતો ત્યાં એમાં જીવાત પડી. બધાના જ ખેતરમાં જીવાત પડેલી અને બધાએ જ જીવડાં મારવાની દવા છાંટી. પણ મુ. બચુભાઈએ કહ્યું કે મારે જીવડાંને મારીને પાક નથી લેવો. જીવડાં મારવાની દવા જીવડા ન પડે એટલા માટે છાંટવી એ ઠીક છે પણ જીવડાં મારવા માટે તો ન જ છંટાય. બસ! દવા ના છાંટી તે ના જ છાંટી! ખેતી કરવાનું પહેલું જ વર્ષ. ભગવાન પણ જાણે એમની

કસોટી કરવા પૂરતા જ આવ્યા હોય તેમ મુ. બચુભાઈ કસોટીમાં પાસ થવાથી પાક ખૂબ જ સરસ તૈયાર થયો.

પહેલેથી જ અજાતશત્રુ. રિસાયેલાને પણ સામે ચાલીને બોલાવે. હજી આજે પણ પ્રેમભર્યો વ્યવહાર અકબંધ જાળવે. બહારથી એમનું વર્તન મૂલવવા જઈએ તો થાપ ખાઈ જવાય. સૂક્ષ્મતા ખૂબ જ.

૧૯૮૧માં મુ. બચુભાઈને આપણે પૂ. પ્રેમ અવધૂતજીના નામે ઓળખવા માંડ્યા પછીની વાતો તો બધા જાણતા થયા છે અને એટલે એ વાતો દોહરાવતો નથી. "**સેવા સૌરભ**"ની વાતો એમનું ચિંતન દર્શાવે છે અને આ "**સેવાતપ કલિતાર**" સ્મરણિકાની સામગ્રી એમના વિશે લોકોને થયેલી અનુભૂતિ, લોકોનો એમના તરફનો ભાવ, શ્રદ્ધા દર્શાવે છે.

હું તો એમની ઘણી નજીક રહ્યો છું એટલે કોઈ એમને ગમે તે નામે સંબોધે પણ મારે મન તો એ પહેલાં બાપજીના પરમ ભક્ત હતા અને હવે અમારા 'બાપજી' જ છે.

-શ્રી ગણપતભાઈ મિસ્ત્રી

*

# (૪)

## પ્રેમની મહેક

સંવત ૨૦૦૬ના ચૈત્ર સુદ પાંચમ ને શુક્રવાર તા. ૨૪, માર્ચ ૧૯૫૦ના રોજના પ્રથમ દર્શને મુ. બચુભાઈએ પ.પૂ.શ્રી રંગ અવધૂતજીને વિનંતી કરી કે મારે આપની આંખ જોવી છે. ત્યારે પૂ.શ્રીએ કહ્યું કે કાલે સવારે રેલ્વે સ્ટેશને આવજો. ત્યાં આંખ જોવા મળશે. ચૈત્ર સુદ છઠ્ઠના રોજ આંખના દર્શન કરીને એમણે પોતાની આંખમાં અવધૂતજીને બેસાડી દીધા.

સને ૧૯૬૮ની ૧૯મી નવેમ્બરે પૂ.શ્રીએ હરિદ્વારમાં શરીર છોડ્યું ત્યારે મુ. બચુભાઈને અતિશય દુ:ખ થયું. ૧૮ દિવસના વિનયક્રોધમાં અન્નો ત્યાગ કર્યો. લીંબુનું અને ગોળનું પાણી લેતાં. પૂ.શ્રીએ દૃષ્ટાંત આપી શ્રીગુરુલીલામૃતના ૧૨૨મા અધ્યાયનો ૧૨૨મો દોહરો વાંચવા જણાવ્યું. દોહરો વાંચતા હૈયું અને મન શાંત થયાં.

દરેકમાં ભગવાન રંગાવધૂતજીના દર્શન કરવાનો સંકલ્પ કર્યો. સને ૧૯૮૧માં આઠ માસનું મૌન રાખ્યું. પ્રેમ, સેવા અને સરળતાની આ મૂર્તિને સંવત ૨૦૩૭ના ભાદરવા સુદ એકમને રવિવારના રોજ નારેશ્વરના પ્રમુખ શ્રી જયંતીભાઈ આચાર્ય,

પૂજાધિકારી શ્રી રતિલાલભાઈ પંડ્યા અને સર્વધર્મકર્મ આચાર્ય શ્રી સર્વદમનભાઈએ એમના ૫૦ વર્ષ પૂરા થવાના પ્રસંગે એમને **'પ્રેમ અવધૂત'** તરીકે નવાજ્યા.

એમણે તો બચુભાઈ તરીકે જ રહેવાનું પસંદ કર્યું પણ પરિવારે તેમને પ્રેમ અવધૂત તરીકે સ્વીકાર્યા. એ બાહ્ય દ્દષ્ટિથી પ્રેમ અવધૂતજી બન્યા પણ મનથી તો બચુભાઈ જ રહ્યા.

પ્રેમ અવધૂતજી એવું નામાભિધાન થયા પછી ચાણસ્માના સુરેશભાઈ ભાવસારના આમંત્રણને માન આપીને પ્રથમ પ્રવાસ ચાણસ્મા માટે કર્યો. પોતાની ટિકીટના પૈસા પોતે જ ચૂકવ્યા અને પૂ.બાપજીના સિદ્ધાંતો જાળવ્યા. પ્રવચનનો મહાવરો નહીં એટલે ચાણસ્મામા પ્રવચન કરતા મૂંઝાયા પરંતુ દિવ્ય શક્તિના આંદોલનો માથાના પાછળના ભાગથી પ્રાપ્ત થયા. અને ગુરુમહારાજે બોલાવડાવ્યું તે બોલ્યા. આવો જ અનુભવ એરુમાં પણ થયો. ૧૯૮૫માં એરુમા યોજાયેલી પૂ. ગોવિંદભાઈ ઉપાધ્યાયની કથામાં ડૉ. પ્રમોદભાઈ વૈદ્યના આમંત્રણને કારણે ગયા. અને પાછળથી પ્રાપ્ત થતા આંદોલનોને આધારે પ્રવચન કર્યું. આ પ્રવાહ અટક્યો એટલે પ્રવચન બંધ કરતાં કહ્યું કે હવે કટ અને ત્યાં જ લાઈટ પણ ગઈ.

ગરીબોની, દર્દીઓની અને જરૂરિયાતોની પડખે ઊભા રહેવાની સેવાકીય પ્રવૃત્તિ શરૂ કરી. બનાસકાંઠામાં ઝૂંપડે ઝૂંપડે જઈને ઘરવખરી પૂરી પાડવાનું સફળ આયોજન કર્યું.

ગરીબોની આંખ (રતન)નું જતન કરવાનું કપરું કાર્ય સ્વીકાર્યું. પોતાના વાહનમાં ગરીબ દર્દીઓને ઑપરેશન સ્થળે લાવી આંખના ઑપરેશન કરાવી પાછા ઘરે પહોંચાડવાની વ્યવસ્થા કરી. ગરીબનું દિલ બિલકુલ ન દુભાય એની પૂરતી કાળજી લીધી.

સને ૧૯૮૯માં ડૉ. ઈન્દુભાઈના મોટાભાઈ દિનેશભાઈ દવેના પ્રેમાળ આગ્રહથી સૌ પ્રથમ અમેરિકા ગયા. ડૉ. ઈન્દુભાઈ દવે અને એમના ધર્મપત્ની સૌ. પન્નાબહેનની સાથે ગયા. ત્યાં શિકાગોમાં એમની તિથિ પ્રમાણે ૧૦૯મી જન્મજયંતી ઉજવાઈ. સૌને પ્રેમના તાંતણે બાંધી પ.પૂ. રંગ અવધૂત બાપજીની જ ભક્તિ કરવાનો ઉપદેશ આપી પાછા ભારત આવ્યા. તા. ૧૩મી સપ્ટેમ્બર, ૧૯૮૯ના રોજ પરદેશથી પરત થયા ત્યારે ઉસ્માનપુરામાં ગોકુળ સોસાયટીમાં શ્રી સુભાષભાઈ જોષીએ તારીખ મુજબ ૧૦૯મી જન્મજયંતી ઉજવી. પાદુકાપૂજન થયું. પ્રશસ્તિરૂપ પ્રવચનો થયાં. મેં એ સમયે રચેલી પ્રેમચાલીસાનું ગાન કર્યું. પૂ. પ્રેમ અવધૂતજીની આંખમાંથી આનંદના આંસુનો ધોધ વહ્યો.

સને ૧૯૯૮માં ભાઈશ્રી નરવતસિંહ સાથેના ઋણાનુબંધે તેઓશ્રી બોરસદ આવ્યા. નરવતસિંહના ઘરે પાદુકાપૂજન થયું. એમના હૃદયનો ભાવ જોઈને બીજીવાર એમના ખેતરમાં - કોઠિયાખાડમાં - આવ્યા. પછી કોઠિયાખાડમાં જે બન્યું તે જોતાં એક દોહરાનું સ્મરણ થઈ જાય એમ છે. દોહરો છેઃ

જયારે ઈચ્છે શ્રી હરિ દેવા અપૂર્વ ફળ-<br>
કર્મોનું, ત્યારે કરે લીલા આવી અકળ.

(શ્રી.ગુ.લી. અ. ૫ દો. ૧૩૩)

વડોદરા કે દક્ષિણ ગુજરાતના પ્રવાસમાંથી પાછા વળતા કોઠિયાખાડ રોકાવવાનું થતું. ત્યાંના ગરીબ લોકોના નાના નાના દીકરા-દીકરી પ્રાર્થના માટે આવતાં થયાં અને પછી તો ૧૫૦ જેટલા છોકરા-છોકરી સવાર સાંજ પ્રાર્થના કરતા થયા. પૂ. બાપુજીની ગેરહાજરીમાં પણ પ્રાર્થના તો થતી જ. ગરીબ લોકોની જરૂરિયાતો સંતોષવાના પ્રયત્નો શરૂ થયાં. વિના મૂલ્યે સમૂહ લગ્નોના કાર્યક્રમ થવા માંડ્યા. રૂ. ૧૧ લઈને નામ નોંધવાનું. કન્યાને પિતા જે રીતે કન્યાદાન કરે તે જ રીતે પૂ. બાપુજી મંગલસૂત્ર, પલંગ, ગાદલા-ગોદડાં, વાસણ સાથે બીજી ઘરવખરી આપતાં. નામ નોંધાવતી વખતે લીધેલા રૂ. ૧૧ પાછા આપી દેવાતા.

પછાત જ્ઞાતિની કન્યાઓ ઈશાવાસ્ય ઉપનિષદ કડકડાટ બોલે. દત્તપ્રણતિનું ગાન કરે. વેદમંત્રનો ઘનપાઠ કરે. રેતાળ જમીનમાં મબલખ પાક ઉતરતો જોઈને જેવું આશ્ચર્ય થાય તેવું જ આશ્ચર્ય થતું. રણ તો જાણે લીલાછમ.

ધૂન, ભજન અને બાવની ભાવપૂર્વક એવા સરસ રીતે ગાય કે એમના સદ્‌ભાગ્યની આપણને ઈર્ષ્યા આવે. પૂ.બાપુજી બધાને પ્રેમથી પ્રસાદ આપે. ગોકુળમાં ભગવાન કૃષ્ણે ગોપબાળકો સાથે કરેલી લીલાનું સ્મરણ થાય.

કોઠિયાખાડમાં પ્રાર્થના સમયે આવેલા મહેમાનો જ્યારે વિદાય લે ત્યારે પૂ.બાપુજી અને નરવતસિંહ પઢિયારના પિતાશ્રી તો આવજો કહેતા ઊભા જ હોય પણ બધા બાળકો લાઈનમાં ઊભા રહીને ગુરુદેવ દત્તની ગર્જના કરીને વિદાય આપતા હોય. પૂ.બાપુજીએ એમનામાં કરેલું સંસ્કાર સિંચન ધ્યાન ખેંચે એવું છે.

કોઠિયાખાડની જેમ ભૂજ પાસેના ફરાદિ ગામની દીકરીઓ પણ દત્તબાવની અને ભજન કરતી થઈ. પછી તો દત્તપ્રણતિ સરસ રીતે તાલબદ્ધ રીતે ગાય. ફરાદિ પણ એક સંસ્કાર કેન્દ્ર થઈ ગયું. મુંબઈમાં રહેતા અરવિંદભાઈ જોષીએ મુંબઈ છોડી પોતાના વતનને રંગ અવધૂત મહારાજની ભક્તિનું કેન્દ્ર બનાવ્યું. ગરીબોને મદદરૂપ થવાનું તો ખરું જ. અનાજ વિતરણ અને વિદ્યા-સહાયક પ્રવૃત્તિ થાય છે.

સામાન્યતઃ દીવા નીચે અંધારું હોય છે. ગામેગામ ભક્તિના કેન્દ્રો શરૂ કરનારના પોતાના ગામમાં ભક્તિના નામે મીંડું હોય પણ અહીં એવું ન હતું. લીંચમાં ગામની દીકરીઓ સાંજે પૂ.બાપુજીના ઘરના આંગણામાં બેસી ધૂન, ભજન અને દત્તબાવની ગાય છે. પૂ.બાપુજી એ બધાની જાતસંભાળ રાખતા હતા અને હવે સૂક્ષ્મરૂપે સંભાળ રાખશે.

સામાને સંકોચ ન થાય અને એ ગરીબ છે, લાચાર છે એવી ભાવના ન જાગે એ રીતે- છૂપી મદદ- કરતાં. આવી બધી રીતરસમ એમને કોણ શીખવતું હશે? પૂછીએ તો જશ બધો ગુરુમહારાજને જ મળે.

પોતે નિમિત્ત બનીને, ગુરુમહારાજના પગનો ફૂટબોલ થઈને અનંત આકાશમાં ઊછળ્યા અને જીવ્યા.

પ.પૂ. બાપજીની લીલાના એક ભાગ રૂપે જે ચાંદીના રથમાં પ.પૂ. બાપજીની શોભાયાત્રા નિકળી હતી એ જ રથમાં પૂ. પ્રેમ અવધૂતજીની શોભાયાત્રા નિકળી. ૫૫મી રંગ જયંતી વખતે પાદરામાં દબદબા ભરી ભવ્યાતિભવ્ય શોભાયાત્રા ઉજવાયેલી એ દૃશ્યનું તા. ૨૧-૪-૨૦૧૦માં પૂ. પ્રેમ અવધૂતજીની શોભાયાત્રામાં પુનરાવર્તન થયું. મુંબઈ, વડોદરા, અમદાવાદ, નવાપુર વગેરે શહેરોમાં પણ પ.પૂ. બાપજીના રંગભક્તો પૂ. પ્રેમ અવધૂતજી તરફ વળ્યા.

કેટલું લખવું અને કેટલું નઈ? ૯૨ વર્ષના મુ. વાણીકાકાએ એમના ચરણમાં માંથુ મૂકી હાર પહેરાવ્યો. ૮૦ વર્ષના સરખેજના મુ. જગન્નાથકાકાએ જાતે ભિક્ષા બનાવી એમને ભિક્ષા પિરસી. પ.પૂ. બાપજીએ મુ. જગન્નાથકાકાને સ્વપ્નાદેશ કર્યો હતો કે તું બચુને જમાડ એટલે ભિક્ષા મને પહોંચી જશે. પ.પૂ. કૃષ્ણશંકર શાસ્ત્રીએ- પૂ. દાદાજીએ- બે વાર ચરણ સ્પર્શ કરીને એમને મૂંઝવ્યા હતા. આ બધી પૂ. બાપજીની લીલા છે એવું એ દિલથી માનતા.

એમના જન્મદિવસે રક્તપિત્તિયાને અને ગરીબોને અનાજ અપાય. મંદબુદ્ધિના બાળકોની સ્કૂલમાં પણ મદદ પહોંચાડાય. રક્તદાન શિબિર થાય. લોકોપયોગી કાર્યો કરવા એ જ સાચી ભક્તિ છે એવું પૂ.બાપુજી શિખવાડે.

નારેશ્વર તો પોતાના ગુરુમહારાજનું સ્થાન. ત્યાંની હરેક પ્રવૃત્તિમાં બનતો સાથ-સહકાર રહેતો. સમૂહ જનોઈના કાર્યક્રમમાં પ્રત્યક્ષ હાજર રહેતા અને બનતી બધી મદદ કરતાં. આવું કરતી વખતે પોતાનું નામ કે અલગ સ્થાન નહિ પણ અવધૂત પરિવાર, નારેશ્વરના નામે જ કરવાનું.

નારેશ્વરમાં મુ. બચુભાઈ તરીકે જ રહેવાનું. પ્રેમ અવધૂતજી કે સંત તરીકે કોઈ વિશિષ્ટ સવલતો કે માન-મરતબો નહિ લેવાનો. પૂ.બાપજીના બચુભાઈ આજીવન બચુભાઈ જ રહ્યાં.

નારેશ્વરમાં અવધૂતગાથાનો ૧૦૧મો પ્રયોગ હતો. રાકેશ જોષી પૂ. અવધૂત મહારાજનું પાત્ર ભજવતા હતા. એમને ખબર ન હતી અને પૂ. પ્રેમ અવધૂતજી બચુભાઈના વેશમાં ઝભ્ભો, ધોતી ને ટોપી પહેરીને સ્ટેજ પર આવ્યા. પૂ.બાપજીને પગે લાગ્યા અને કહ્યું કે "બાપજી! હું લીંચનો બચુ." રાકેશભાઈ તો અવાક્ થઈ ગયા. શું બોલવું અને શું કરવું એ સૂઝે નહીં. પરંતુ પૂ. પ્રેમ અવધૂતજીએ તો મુ. બચુભાઈ બનીને રાકેશભાઈને નહિ, પૂ.બાપજીને જ જોયા હતાં અને પ્રણામ કર્યા હતાં.

પૂ.બાપુજી ઈ.સ. ૧૯૮૯માં સૌ પ્રથમ અમેરિકા ગયા. ત્યાર પછી કેટલાક વર્ષ જવાનું ના થયું પરંતુ ઈ.સ. ૧૯૯૮માં પંકજભાઈ દવેના આમંત્રણથી જવાનું થયું અને પછી તો દર વર્ષે તેમની જન્મજયંતી ત્યાં ઉજવાવા લાગી. પંકજભાઈ પૂ.બાપુજીને લેવા આવે અને જન્મજયંતી ઉજવ્યા પછી એમના ધર્મપત્ની ડૉ. નયનાબહેન મૂકવા આવે.

પરદેશમાં કેન્દ્રમાં પૂ. રંગ અવધૂતજી મહારાજની ભક્તિ હોય. પોતાની પાદુકાની પૂજા નહિ, પોતાની આરતી નહિ કે પોતાની 'જય' પણ બોલાવવાની નહિ. હનુમાન જેમ રામદૂત બનીને કામ કરતા હતા તેમ પૂ. પ્રેમ અવધૂતજી રંગદૂત બનીને કામ કરતા હતા. ગુજરાતી ભાષી રંગભક્તોને ભેળા થવાની તક મળી. ઉષઃપ્રાર્થના, સાયંપ્રાર્થના, ધૂન-ભજન અને પૂજનના

કાર્યક્રમો થવા લાગ્યા. શિસ્તબદ્ધ અને સમયસર કાર્યક્રમ થવા લાગ્યા. દૂર દૂરથી ભક્તો પ્રાર્થનામાં આવતા.

પછી તો અમેરિકન વ્યક્તિ, મુસલમાન વ્યક્તિ, ક્રિશ્ચિયન વ્યક્તિ પણ પ્રાર્થનામાં આવવા લાગી અને એમને પૂ.બાપુજીના સાંનિધ્યમાં શાંતિ મળવા લાગી. ગુજરાતી ભાષા સમજતા ન હોવા છતાં પ્રાર્થનામાં બેસતાં. ધ્યાન ધરતાં અને ધીરે ધીરે બાપુજીમય થવા લાગ્યા. એમના ઘરે સાયંપ્રાર્થના થવા લાગી અને ભિક્ષા પણ થવા માંડી. આ બધી રંગલીલા જ હતી.

પૂ.બાપુજીએ પરદેશમાં બાળકો સાથે બાળકો જેવા થઈને અને યુવાનો સાથે યુવાન જેવા થઈને એમને રંગભક્તિના રંગે રંગ્યા. ઉત્સવમાં બાળકોને લાડુ ન ભાવતા હોય તો ભલે પિઝા ખાતા. ત્રણ વર્ષની છોકરી દત્તબાવની બોલે, પ્રણતિનો એકાદ શ્લોક બોલે ત્યારે આપણને આશ્ચર્યસભર આનંદ થાય.

પૂ. પ્રેમ અવધૂતજી એટલે માનવતા મઢી મૂર્તિ અને માનવમંદિરના ઘડવૈયા. દેશમાં હોય કે પરદેશમાં હોય પણ વર્તનમાં કેવળ માનવતા જ ભરેલી હોય. એરપોર્ટ પરથી બહાર નીકળતા વૃદ્ધ દંપતી પાસે વજન અને બાળક હોય તો એ નાનું બાળક પોતે તેડી લે. એરોપ્લેનમાં પાસે બેઠેલી વ્યક્તિ માંસાહારી હોય તો એનાથી દૂર ન જાય કે એને દૂર ન જવા દે. એરહોસ્ટેસથી માંડીને નાનામાં નાના કર્મચારીને પ્રસાદ અને પ્રેમ બંને આપે.

પોતે સંત છે કે મહાન વ્યક્તિ છે એવો વિચાર જ નહિ. એ સદાકાળ લીંચના બચુભાઈ જ રહ્યા.

એમની મહેંક ચારે દિશામાં ફેલાઈ અને એનો મઘમઘાટ બધે વિસ્તર્યો તો હતો જ પરંતુ જીવનલીલા જે રીતે સંકેલી તે રીતે તો લોકોને અવાચક બનાવી દીધા અને જે કર્યું તે સત્ય, દિવ્ય અને ભવ્ય હતું એવું લોકોને લાગ્યું. લોકોના દિલ પર કઠોર આઘાત તો થયો પણ એવું કરવા પાછળની વિચારધારા, આદર્શો અને બીજાનો વિચાર કરવાની ટેવ જોતાં બધા આફરીન પોકારી ગયા, વાહ-વાહ ધન્ય-ધન્ય બોલાઈ ગયું.

છેલ્લો શ્વાસ કોઠિયાખાડમાં લીધો. પોતાની પત્ની, ત્રણ પુત્રો, ત્રણ પુત્રવધૂઓ અને બે દીકરી તથા એક પૌત્ર કોઠિયાખાડ આવ્યા. કોઠિયાખાડની થોડી વ્યક્તિ વચ્ચે દેહને અગ્નિસંસ્કાર થયા. પોતાની સાથે જ પાદુકા અને દંડને ચિતામાં મૂકવાની સૂચનાનું પાલન થયું. થોડી વ્યક્તિની હાજરીમાં આ બધું કરવાનું કઠણ કાર્ય શાંતિથી પૂરું કરવા ડૉ. ઈન્દુભાઈ દવેની મદદ લેવી એવું કહ્યું હતું, તે પ્રમાણે થયું. અસ્થિ અને રાખનું મહીનદીમાં વિસર્જન થયું અને પછી જ- લીંચના લોકોને અને પરિવારના ભક્તોને જાણ કરવાનું શરૂ થયું. જેણે જેણે સમાચાર સાંભળ્યા તેણે તેણે કલ્પાંત તો કર્યું પણ પૂ.બાપુજીના હસ્તાક્ષરમાં કરેલી સૂચના વાંચી ત્યારે એમને શત શત પ્રણામ

કર્યાં. એમણે લીધેલા પગલા પાછળની વિચારધારા જાણીને બધા આશ્ચર્યમાં ગરકાવ થઈ ગયા. પોતે જ્યાં જ્યાં ગયા અને જ્યાં એમના અગ્નિસંસ્કાર થયા એ સ્થળો સ્મૃતિમંદિર ન બને અને એ શ્રદ્ધાના, પૂજાના કેન્દ્રો ન બને એ માટે તેઓ સજાગ અને સાવધ હતા.

પૂ. પ્રેમ અવધૂતજી દ્વારા લોકોના કેટલાયે કામો થયા છે પરંતુ પોતે નિમિત્તમાત્ર છે અને કર્તા-હર્તા પ.પૂ. રંગ બાપજી જ છે એ વાત એમણે દિલથી માની છે અને બધાને કરી છે.

આપણે વ્યક્તિનિષ્ઠ નહીં પણ તત્ત્વનિષ્ઠ બનીએ તો એમને સાચી પ્રેમાંજલિ આપી ગણાશે. આપણે કેવળ પૂ. રંગ અવધૂત મહારાજને જ કેન્દ્રમાં રાખીને મિશનનું કામ કરીએ તો તે સાચી પ્રેમાંજલિ આપી ગણાશે. દીન-દુઃખિયા અને દર્દીને મદદરૂપ બની એમની આંતરડી ઠરે એવા કામો કરીએ તો તે સાચી પ્રેમાંજલિ ગણાશે.

અંતમાં ચાર પંક્તિથી સમાપન કરું.

પ્રેમપંથ અમૃતની ધારા,
રંગભક્તિના ખીલવે ક્યારા,
રંગપ્રેમના ઊડે ફૂવારા
ધન્ય ધન્ય બસ! ભાગ્ય અમારા.

- પ્રા. કુલીન ગ. ઉપાધ્યાય

# સ્વાવલંબનની એક ઝલક



પૂ.શ્રી બાપુજી, પાટી (ગણદેવી)માં
૧૦૦ દિવસનું મૌન, સને ૧૯૯૬



# અમેરિકનો સાથે પૂ.શ્રી બાપુજી

# (૫)

## પૂ. પ્રેમ અવધૂતજી પરદેશમાં

### (પૂ. બાપુજીએ પરદેશના ૨૯ શહેરો-ગામોમાં ૩૨૦,૫૮૫ માઈલ/૪૧૪,૩૭૧ કિ.મી.ના કરેલા પ્રવાસની વિગતો)

### પૂ. પ્રેમ અવધૂતજીનું પરદેશમાં વાસ્તવ્યઃ

૧. સૌ પ્રથમ ઈ.સ. ૧૯૮૯માં - એક મહિનો.

૨. ઈ.સ. ૧૯૯૮ થી ૨૦૦૯ સુધી- દર વર્ષે ઓછામાં ઓછા ૯૧ અને વધુમાં વધુ ૧૦૩ દિવસ સુધી.

૧. શિકાગો (Chicago) ૨. યોસેમેટી (Yosemeti) ૩. નાયગ્રા ધોધ (Niagara Falls) ૪. રેલે (Raleigh) ૫. ન્યૂજર્સી (New Jersey) ૬. એટલાન્ટા (Atlanta) ૭. કોલમ્બસ, ઓહાયો (Columbus, Ohio) ૮. બીલોક્સી (Biloxi) ૯. ફેરફિલ્ડ, આયોવા (Fairfield, Iowa) ૧૦. ટોલેડો (Toledo) ૧૧. લોન્ગ આઈલેન્ડ, ન્યૂયોર્ક (Long Island NY) ૧૨. ફૉર્ટ વેઈન (Fort Wayne)

**૧૩. કિલવલેન્ડ (Cleveland) ૧૪. લોસ એન્જલસ (Los Angeles) ૧૫. સાન ડીએગો (San Diego) ૧૬. વ્રાજ (Vraj) ૧૭. સાન ફ્રાન્સિસ્કો (San Francisco) ૧૮. ડલાસ (Dallas) ૧૯. અમરીલો, ટેક્સાસ (Amarillo, TX) ૨૦. ડેલાવરે (Delaware) ૨૧. હ્યુસ્ટન (Houston) ૨૨. ફિલાડેલ્ફિયા (Philadelphia) ૨૩. વોશિંગટન ડીસી (Washington DC) ૨૪. સાન જોસ (San Jose) ૨૫. મિલ વેલી, સીએ (Mill Valley, Ca) ૨૬. ટોરન્ટો (Toronto) ૨૭. ડીફાયન્સ ઓહાયો (Defiance Ohio) ૨૮. ફિનિક્સ (Phoenix) ૨૯. ચાર્લોટ, એનસી (Charlotte, NC)**

✻

## (૬)

## સૂક્તાંજલિ

રંગાવધૂતગુરુરાજ સુશિષ્યમેનં
પ્રેમાવધૂતમહમદ્ય નમામિ મૂર્ધ્ના ।
શ્રીરઙ્ગરાજ કરુણા જલસિક્ત મૂર્ધા
સંજીવતામ્ ભુવિ ભવાન્ શરદાં શતાનિ ॥

- ડૉ. પ્રા. અરુણોદય ન. જાની

**: અનુવાદ :**

રંગાવધૂતજીના શ્રેષ્ઠ શિષ્ય પ્રેમાવધૂતજીને, આજે મસ્તિષ્ક નમાવી કરું હું વંદન-

શ્રી રંગરાજની કરુણાના જલબિંદુથી સો શરદ સુધી આપ જીવંત રહો પૃથ્વી પ્રાંગણે.

✻

## (૭)

## શ્રી પ્રેમાષ્ટકમ્ ।

વન્દે પ્રેમાવધૂતં ત્વાં લીંચતીર્થેનિવાસિનમ્ ।
શ્રીમદ્ રંગાવધૂતસ્ય નવં પ્રેમસ્વરૂપિણમ્ ॥ ૧ ॥
બાલ્યાત્ સદ્ધર્મરક્તિસ્તે જનૈરદ્યાપિ દશ્યતે ।
તસ્માત્ સુરક્ષિતો નિત્યં, 'ધર્મો રક્ષતિ રક્ષિતઃ' ॥ ૨ ॥
શક્તિપાતપ્રસાદોઽયં ત્વયા પ્રાપ્તઃ સુસેવયા ।
ઈહ જન્મનિ સંપ્રાપ્તા સદ્યો જીવનમુક્તતા ॥ ૩ ॥
ત્વયિ પ્રકટિતા પ્રેમરૂપા શ્રીરંગ ચેતના ।
કિમાશ્ચર્યં યદિ પ્રેમ્ણા સર્વે હ્યાકર્ષિતાઃ સ્વયમ્ ॥ ૪ ॥
ગૃહસ્થાશ્રમમાશ્રિત્ય પંચમાશ્રમમંડિતઃ ।
રંગભક્તિરતો નિત્યમ્ સર્વભૂતહિતે સઃ ॥ ૫ ॥
અવધૂત જનાનાં સદભક્તિવૃદ્ધયથમેવ હિ ।
સંચારો ભવતામ્ ભક્તવાત્સલ્યાત્ પ્રેમતઃ કૃતઃ ॥ ૬ ॥
"સંતોષં જનયેત્ પ્રાજ્ઞઃ" તત્સૂત્રં સદ્ગુરોસ્ત્વયાઃ ।
સ્વાચારે સ્થાપિતં તસ્માત્ સંતુષ્ઠા બહવો જનાઃ ॥ ૭ ॥

'સેવાસૌરભ' ગ્રંથસ્થા વાક્‌સુધા ધર્મબોધદા ।
સેવાર્થીનાં વિશેષેણ સાધકાનાં તથૈવ ચ ॥ ૮ ॥
ઇદં પ્રેમાષ્ટકં પુણ્યં યઃ પઠેત્ પ્રેમતઃપુમાન્ ।
દત્તરંગપદે તસ્ય સદ્‌ભક્તિ વર્ધતે સદા ॥ ૯ ॥

ઇતિ શ્રી રંગપાદારવિન્દમિલિન્દ જયંતીલાલ શર્મણા વિરચિતમ્
શ્રી પ્રેમાષ્ટકમ્ સમાપ્તમ્ ।

- શ્રી જયંતીલાલ આચાર્ય

**: અનુવાદ :**

શ્રીમદ્ રંગાવધૂતજીનું નવું પ્રેમસ્વરૂપ જે,
લીંચતીર્થ નિવાસી શ્રી પ્રેમવાધૂતને નમું. ...૧.

સદ્‌ધર્મે પ્રેમ બાલ્યેથી આજેય સૌ જનો જુએ,
નિત્ય રક્ષિત તેનાથી, 'ધર્મો રક્ષતિ રક્ષિતઃ' ...૨.

સુસેવાથી તમે પામ્યા શક્તિપાત પ્રસાદી આ,
આ જન્મે જ તમે પામ્યા સદ્ય જીવન મુક્તતા. ...૩.

પ્રેમરૂપી તમારામાં પ્રગટી શ્રીરંગચેતના,
આકર્ષો સર્વને પ્રેમે સ્વયં તેમાં નવાઈ શું? ...૪.

ગૃહસ્થાશ્રમમાં રહીને શોભો પંચમ આશ્રમે,
રંગભક્તિમહીં ડૂબ્યાં શા, સર્વ સૌખ્ય ચહ્યું સદા. ...૫.

વધે અવધૂત ભક્તોમાં સદ્‌ભક્તિ એ જ કારણે,
ભક્તવત્સલતા વશ થૈ પ્રેમે પ્રવાસ આદર્યા. ...૬.

સદ્‌ગુરુ સૂત્ર સ્વાચારે સ્થાપ્યું, "સંતોષ આપવો-
પ્રાજ્ઞે" તેથી તમારાથી સંતોષાયા જનો ઘણા. ...૭.

ધર્મ બોધે સુધાવાણી સેવા સૌરભગ્રંથની,
સાધકોને, વિશેષે તો સેવાના ભેખધારીને. ...૮.

પ્રેમથી પઢશે જે આ પુણ્ય પ્રેમાષ્ટક નર,
દત્તરંગપદે તેની વધે સદ્‌ભક્તિ સર્વદા. ...૯.

રંગપાદાબ્જ મકરંદ જયંતીલાલે રચેલ આ,
સ્તોત્રને અનુવાદે આ **ગણુ-કુલીન** પ્રેમથી.

✻

## (૮)

## અભિવંદન

સેવાકૃતા યેન ગુરોઃ પ્રકામં
કાલોચિતા બહુશઃ સુયોગ્યા ।
અશીતિ વર્ષે ગુરુકાર્ય-મગ્નં
પ્રેમાવધૂતં મનસા સ્મરામિ ॥

(જેમણે ગુરુની સમયસર અને જે સમે જેવી જોઈએ તેવી સુયોગ્ય સેવા ઘણી કરી અને ૮૦ વર્ષની ઉંમરે પણ ગુરુના કાર્યમાં રત છે તેવા શ્રી પ્રેમ અવધૂતજીને હું મનથી (વંદનપૂર્વક) સ્મરું છું.)

- ડૉ. હરિપ્રસાદ (ધીરુભાઇ) જોષી

✻

## (૯)

## શ્રીપ્રેમવન્દનમ્

યદ્ દેહયષ્ટિં પરમાં ચ તુંગાં
યષ્ટિં ગૃહીત્વા સ્વકરે સુદીર્ઘામ્ ।
સ્મૃત્વા ચરૈવ ભ્રમણં કરોતિ
પ્રેમાવધૂતં પ્રણતોઽસ્મિ નિત્યમ્ ॥૧॥

સજ્જો હિ પૂર્વે ગુરુસેવાનાર્થં
પશ્ચાદપિ ક્ષિપ્રમુ ચોદ્યતો યઃ ।
રગે રગે રંગગુરું વહન્તં
પ્રેમાવધૂતં પ્રણતોઽસ્મિ નિત્યમ્ ॥૨॥

કાયેન વાચા મનસા સદૈવ
હ્યુદ્બોધયન્ ભક્તિમખંડમૂર્દ્વામ્ ।
બુદ્ધં ચ શુદ્ધં વિનતં વરેણ્યં
પ્રેમાવધૂતં પ્રણતોઽસ્મિ નિત્યમ્ ॥૩॥
રંગસ્ય કાર્યં પરદેશમધ્યે
કૃત્વા ચ દત્ત્વા હિ વરં સદૈવ
સંવર્ધયન્તં ગુરુભક્તિમાર્ગં
પ્રેમાવધૂતં પ્રણતોઽસ્મિ નિત્યમ્ ॥૪॥

સર્વે સુધન્યા હિ વયં મિલિત્વા
પારાયણે યત્ કૃપયા પ્રવિષ્ટઃ
આલંબનં યેન તુ દત્તમિષ્ટં
પ્રેમાવધૂતં પ્રણતોઽસ્મિ નિત્યમ્ ।।૫।।

પંચશ્લોકાત્મકં સ્તોત્રં પ્રેમાવધૂત પાદયોઃ
અર્પિતં હરિભાવેન ભૂયાત્ તદ્ વરદં કદમ્ ।।૬।।

- ડૉ. હરિપ્રસાદ (ધીરુભાઇ) જોષી

**: અનુવાદ :**

જેની દેહયષ્ટિ ઘણી ઊંચી છે અને જે લાંબી લાકડી હાથમાં પકડીને (ઉપનિષદનો) ખરૈવ ફરતા રહો ને યાદ કરી ભ્રમણ કરે છે તે પ્રેમાવધૂતને હું નિત્ય પ્રણામ કરું છું. ...૧.

પહેલાં પણ તે ગુરુ સેવા માટે તૈયાર રહેતા અને પછી પણ જલદીથી તે (સેવા) માટે તૈયાર રહે છે અને જેની રગે રગમાં રંગગુરુ વહે છે તે પ્રેમાવધૂતને હું રોજ નમન કરું છું. ..૨.

કાયાથી, વાણીથી અને મનથી જે સદા અચંડ ને ઊર્ધ્વ ભક્તિનું ઉદ્‌બોધન કરે છે. વળી જે બુદ્ધ, શુદ્ધ, નમ્ર અને વરેણ્ય-વરણ કરવા યોગ્ય છે તે પ્રેમાવધૂતને હું નિત્ય વંદન કરું છું. ...૩.

પરદેશમાં જે રંગ કાર્ય કરીને સદાય વરદાન આપીને ગુરુભક્તિનો માર્ગ વિકસાવતા રહે છે તે પ્રેમાવધૂતના ચરણોમાં હું ઢળી પડું છું. ...૪.

આપણે બધાં સુધન્ય છે કે ભેગા મળીને જેની કૃપાથી પારાયણના કાર્યમાં જોડાયા છે. જેમણે આપણને આ ઈષ્ટ એવું આલંબન આપ્યું છે તે પ્રેમાવધૂતને હું નમસ્કાર કરું છું. ...૫.

પાંચ શ્લોકનું આ સ્તોત્ર હરિના ભાવથી પ્રેમઅવધૂતના ચરણે અર્પણ કર્યું છે તે વરદ અને ક(સુખ)દ બનો! ...૬.

✻

## (૧૦)

## વન્દનત્રયી

### (ઉપજાતિ)

**ન**મામિ નિત્યં ગુરુપ્રેમરૂપં
**મા**ધુર્યવન્તં સુખદં સદૈવ ।
**મિ**તોક્તિયુક્તં પ્રિયમૌનમેવ
**નિ**જાત્મદં હા પરમં કિમન્ય ॥ ૧ ॥

**ત્યં** ચં સમિચ્છન મનુજઃ પ્રયાતિ
**ગુ**રુપ્રસાદેન સદા બિભર્તિ ।
**રુ**જાર્તિહલ્લોચનલ્લમધ્ય
**પ્રે**મસ્વરૂપં પ્રણતોસ્મિ નિત્યમ્ ॥ ૨ ॥

**મ**ન્દંસુમન્દં હસિતં ચ યસ્ય
**સ્વ**કં ન કિંચિત્ પરકં ન કિંચિદ્ ।
**રૂ**પ્યાલકં રૂષિતશુભ્રવસ્ત્રં
**પં**થે ચલન્તં ગુરુરંગદિષ્ટમ્ ॥ ૩ ॥

* આ શ્લોકમાં '**નમામિ નિત્યં ગુરુ પ્રેમસ્વરૂપં**' અક્ષરો ગૂંથાયાં છે.

## (અનુષ્ટુપ)

પ્રેમભક્તિસ્વરૂપા યા સ્તુતિ સ્ત્રિશ્લોકગુંફિતા ।
પ્રેમદેહે ગુરુ રંગ પીયૂષાય દદાતુ શમ્ ॥ ૪ ॥

- પ્રા. શ્રી શિવુભાઇ દવે

## : અનુવાદ :

## વન્દનત્રયી (ત્રણ શ્લોક)

વંદું નિત્ય ગુરુ પ્રેમરૂપ હંમેશાં મધુરાં સુખદ- વદે થોડું ઉપયુક્ત મૌન વધુ પ્રિય છે જેને હરહંમેશ પરમસ્વરૂપ. ...૧.

જે જાય માનવ સાચું ઈચ્છી ગુરુકૃપાથી તે થાય પૂર્ણ દુઃખહર છે જેના પ્રફુલ્લ નેત્ર હાલ- પ્રેમસ્વરૂપને વિનય સહ વંદન. ...૨.

જેનું હાસ્ય છે મંદ ખૂબ મીઠું, નથી સ્વકીય કે પરકીય ન કદા, કેશકલાપ રૂપવંત ધાર્યા છે શુભ્ર વસ્ત્ર, જઈ રહ્યા છે- જોઉં છું- રંગના આદેશમાર્ગ તરફ. ...૩.

પ્રેમભક્તિ સ્વરૂપ આ સ્તુતિ ત્રણ શ્લોકમાં ગૂંથાએલ છે. પ્રેમની દેહયષ્ટિમાં શ્રી રંગ પીયૂષ વરસાવો. ...૪.

*

# (૧૧)

## સૂક્તિકુસુમાંજલિઃ

નમઃ પ્રેમાવધૂતાય મનસા વચસા તથા ।
કર્મણા ત્રીશરાસે[1] હી નિત્યં સંવાદદાયિને ॥ ૧ ॥

વિસંવાદિ સૂરાણાં હિ વાદિત્રાણાં નિજૈઃ કરૈઃ ।
સંવાદિસૂરનિષ્પત્ત્યૈ સફલં યતતે નમઃ ॥ ૨ ॥

સેવાતપઃ પ્રપૂતાય યમિને શમિને નમઃ ।
ગુરુપ્રેમ્ણિ પ્રલીનાય પ્રેમબોધાય તે નમઃ ॥ ૩ ॥

આત્માનન્દે નિમગ્નાય દિવ્યાનન્દૈકદષ્ટયે ।
નમોડકશોકનાશાય પ્રેમદષ્ટિશલાકયા ॥ ૪ ॥

ગુરુકૃપાં વિના નાહં નાન્યદિચ્છામિકિન્ચન ।
ગુરોરેવ ભવામ્યાહો દષ્ટિરેષાપુનાતુ નઃ ॥ ૫ ॥

- શ્રી રમણભાઈ શુક્લ

૧. દત્તપ્રભુના સંવાદી સંગીતમય રાસમાં.

## : અનુવાદ :

નમું પ્રેમાવધૂતને વાણીથી મનથી તથા
કર્મથી *દત્તરાસે જે નિત્ય સંવાદ અર્પતા. ૧.

વિસંવાદી સૂરોનાં તો વાર્જિંત્રોને સ્વહસ્તથી
સંવાદી સૂરને કાજે સફળ યત્નશીલને. ૨.

સેવા ને તપથી શુદ્ધ યમી ને શમીને સદા
ગુરુના પ્રેમમાં લીન પ્રેમતત્ત્વજ્ઞને નમું. ૩.

આત્માનન્દે જ જે મગ્ન દિવ્યાનંદ જ દષ્ટિમાં
પ્રેમદષ્ટિ-શલાકાથી દુઃખશોકઘ્નને નમું. ૪.

'ગુરુકૃપા' વિના ના હું, બીજું ના ઇચ્છું કશું!
ગુરુનો જ રહું નિત્ય, દષ્ટિ પાવન આ કરો. ૫.

*

---

* દત્તપ્રભુ-પરબ્રહ્મ-રસસ્વરૂપ (રસો વૈ સઃ ઇતિ શ્રુતેઃ) હોઈ (અને રસ એવ રાસઃ) ત્રણે ભુવનોમાં- સમગ્ર બ્રહ્માંડમાં ચાલતા તેમના સંવાદી સંગીતમય રાસમાં.

# (૧૨)

## પ્રેમાંજલિ

**પૂ**ર્વ પુણ્યો હોય તો સંતોતણું શરણું મળે,
**જય**મ જયમ વધે સત્ સંગ ત્યમ ત્યમ આત્મ જ્યોતિ પ્રજવળે.
...૧.

**પા**મે પ્રસાદી સંતની ઐહિક બધા ગર્વો ટળે,
**દ**ર્શન પરાત્પર તત્ત્વનાં પામે બધે એ હરપળે.
...૨.

**શ્રી**રંગ અવધૂત સદ્ગુરુ, સમર્થ યોગીરાજ જે,
**પ્રે**રી રહ્યા નિજભક્તને સત્કાર્ય કરવા અંતરે.
...૩.

**મ**મતાતણાં મેલાં બધાં જાળાં ખસેડી તત્ક્ષણે,
**અ**વ્યક્ત ને અદૃષ્ટનાં દર્શન કરાવે ભક્તને.
...૪.

**વ**રસી રહી આશિષની ધારા અહા! એ નયનથી,
**ધૂ**લ જન્મો-જન્મની એ ધોઈ નાખે ભક્તની.
...૫.

**ત**ત્ત્વમસિ તંબૂરથી એ સૂર છેડે અવનવા,
**જી**વન સફળ તેનું અહા! જેણે મધુરા સૂર સૂણ્યા.
...૬.

**ઘ**ન-જ્ઞાનની છાઈ ઘટા, હદ્-મોરલા ટહુકી રહ્યા,
અ**ણુ**-અણુમાં રંગની નીરખી રહ્યા જબરી છટા.
...૭.

**જી**વન તમે રંગી દીધું એ **'રંગ'**કેરા રંગથી,
એ**વો** લગાડ્યો રંગ કે નાચી રહ્યા ઉમંગથી.
...૮.

આજે તમારા જન્મની ષષ્ટી તિથિ ઊજવાય છે,
ઘેલા બનેલા ભક્તનો આનંદ અહીં ઊભરાય છે.
...૯.

જીવો તમે યુગો સુધી ઓ પ્રેમ અવધૂત! ભૂ પરે,
રંગો બધાંને **'રંગ'**માં એ પ્રાર્થના **'બાળક'** કરે.
...૧૦.

- શ્રી ગોવિંદ ઉપાધ્યાય

✻

# (૧૩)

## પ્રેમગુરુવન્દના

### (અનુષ્ટુપ)

જેમ ન્યગ્રોધબીજસ્થ શક્તિરૂપ મહાદ્રુમ ।
તેમ આ હૃદ્ બીજસ્થ રંગાત્મક ચરાચર ।।૧।।

ગુરુમૂર્તિ અતિગુહ્ય ગુહ્યવિજ્ઞાન રૂપિણી ।
ગુહ્ય ભક્ત-જન પ્રેમી નમું પ્રેમ ગુફાસ્થિત ।।૨।।

રહસ્ય સદ્ગુરુકેરું સદ્ગુરુ શ્રીમુખે સ્ફુરી ।
કર્ણોપકર્ણે આહીં પ્રસર્યું અવની તલે ।।૩।।

ગુરુલીલામયી ગુફા, ગુફા અમૃતવર્ષિણી ।
એ રંગી રંગના પ્રેમે પ્રેમાસ્પદ ગુફા નમું ।।૪।।

અન્તરુલ્લાસથી સ્વચ્છ પ્રેમી પીયૂષ પુષ્ટ આ ।
ભોગવતો રહે દેહ પૂજાર્થે દત્તની સદા ।।૫।।

નાખ ગભીર પાતાલે અથવા સ્થાપ સ્વર્ગ સામ્રાજ્યે ।
ગુરુ માવડી! તવ ચરણો નહિ છોડું હું, નહિ જ છોડું હું ।।૬।।

- શાસ્ત્રી જયેન્દ્રભાઇ દવે

✻

## (૧૪)

## प्रेमचालीसा

એક અખંડ અનંત જે સત્, ચિત્, આનંદરૂપ,
પરબ્રહ્મ, પરમાત્મા, પ્રગટે જગ રંગરૂપ.
રંગ-સ્મરણ-સેવાતણી ધૂણી ધખાવી એમ,
ચરણમહીં વંદન કરું, ગુરુવર **શ્રીરંગ-પ્રેમ**.

જય શ્રીરંગને શીશ નમાવી, પ્રેમચાલીસા પ્રેમે ગાવી.
રંગગુરુ-સેવક-ગુણ ગાથા, ગાતાં મળશે તનમન શાતા.
નામે [૧]લઘુતા ગુરુતા કામે, દેહ ધર્યો એણે લીંચ ગામે.
તાત કૃપાશંકર સંસ્કારી, માતા શાંતિ સુખ દેનારી.
રંગની આંખો જોવા કાજે, ગયા ભોગીમામાની સાથે.
નારેશ્વર જઈ દર્શન કરતાં, ભાવ હૃદયના ખુલ્લાં કરતાં.
આંખ તમારી જોવી મારે, રંગાજી પણ વાત સ્વીકારે.
“કાલે સ્ટેશન આવી જાજે, સવારે આંખના દર્શન થાશે.”
આંખ મળી ને હૈયું ખોયું, પરબ્રહ્મનું રૂપ જ જોયું.
સેવાધર્મ તો પરમ ગહન છે, યોગીજનોને પણ અગમ્ય જે.૧૦.

૧. નાનું, બચુ.

સેવા ધર્મ સ્વીકારી લીધો, અવધૂતને પોતાનો કીધો.
હરતાં ફરતાં રંગનું ચિંતન, તન, મન, ધન, સહુ રંગસમર્પણ.
રંગ ખુમારી એવી રાખી, માગણવૃત્તિ કાઢી નાંખી.
રંગ, રંગ-સેવકની સેવા, હોંશે હોંશે કરતા એવા.
લીંચમહીં ગુરુદેવ પધાર્યા, ભક્તોના હૈયા હરખાયા.
નારેશ્વર સમ ઉત્સવ થાયે, **પ્રેમ, કૃપા, શાંતિ** જ જણાએ.
"લીંચ જાણ મીની નારેશ્વર", એવું બોલ્યા રંગ ગુરુવર.
'દેહ ત્યજીશ જો ગુર્જર દેશે, લીંચમહીં' એમ રંગ વદે છે.
રંગ ગોકુળિયું ગામ લીંચ તો, રંગ ગુરુ જ્યાં પ્રાણ સિંચતો.
પાયામાં સેવાને રાખી, પાયખાનાની સેવા આપી. ૨૦.
મોરટક્કાનો પ્રવાસ કીધો, પ્રેમે અવધૂત જીતી લીધો.
ગુરુએ નખ સાચવવા દીધા, અંતર દ્વારો ખુલ્લા કીધા.
ગુરુને સેવ્યા, [૧]સેવે ગુરુ પણ, એવા સેવકને હો ધન-ધન.
સેવાવૃત્તિ અજબ ખીલાવી, ગુરુકૃપાની પામ્યા ચાવી.
હરિદ્વાર જાતાં કહી દીધું, 'લીંચ જરૂર આવીશ' એમ સીધું.
રંગ શરીર છોડે હરિદ્વારે, દુઃખ થયું સેવકને ભારે.
"આવીશ કહીને કેમ ન આવ્યા?" બચુભાઈ તો હઠે ભરાયા.
દર્શન દઈ અવધૂત કહે છે, ગુરુલીલામૃત વાંચી લેજે.

---

૧. પક્ષી ઇંડુ સેવે તેમ.

એકસો બાવીસમો અધ્યાય, એકસો બાવીસ દોહરો ત્યાંય.[1]
દોહરો વાંચતા શાંતિ થાયે, હૈયું, મન પણ બહુ હરખાયે. ૩૦.
રંગ હૃદય-મનમાં જે આવે, બચુભાઈ એ જાણી જાયે.
યાદ કરે અંતે અવધૂત, 'એને હું શું આપું મૂર્ત?'
અતિથિ ધર્મ બજાવે ઘર, તેથી રહે પ્રસન્ન ગુરુવર.
**રંગ-કૃપા-શાંતિ**નો દૂત, સંભાળે જેને અવધૂત.
રંગ કરાવે પ્રેમ પ્રવાસ, પરદેશે ફેલાવે સુવાસ.
'થોડું કરો પણ સાચું કરજો, રંગ ગુરુને હૈયે ધરજો.'
રંગ કૃપાથી દુઃખ હરી લીધું, **હીર-ઋજુલ**ને જીવન દીધું.
નિર્મળ હૈયું, નિર્મળ વાણી, નયને પ્રેમતણી સરવાણી.
વિચાર ઊંચા, જીવન સાદું એવું જીવે સાચો સાધુ.
રંગ-પ્રેમમાં **કુલીન ગણુ** ડૂબી જાતાં પામે ઘણું. ૪૦.

ભાવ ભક્તિ શ્રદ્ધા થકી, રંગ-પ્રેમમાં ન્હાય,
ઘર-જીવન તીરથ બને, આનંદ મંગલ થાય.

યોગીવર રંગ અવધૂતકી જય, વિઠ્ઠલસુત પાંડુરંગ કી જય,
નારેશ્વરવાસી સંતકી જય, બોલો રે ભાઈ સદ્‌ગુરુ રંગકી જય.

- પ્રા. કુલીન ગ. ઉપાધ્યાય

*

---

૧. કારણ કે જન દૃષ્ટિથી ત્યાગે સિદ્ધ શરીર, તોએ સર્વાંતર વિષે રહે નિત્ય એ ધીર.

## (૧૫)

## પ્રેમ પ્રશસ્તિ

**પ્રેમ**! આપની પાવડીના રણકારમાં
સંભળાયે પ્રણવોચ્ચાર.
રંગ **પ્રેમ** સ્નાન કરી
ધર્યો રંગનો **પ્રેમ**નિધિ મુગટ.
ઓ કલાનિધિ!
એ તાજ ધર્યો આપે જે શિરે,
એનું એક પીછું તો આપો પળવાર.

*

**પ્રેમ** જલધિમાં સ્નાન કરતાં
સાંપડ્યું મને જે મોતી,
એના ઝીણે ઝીણા ટૂકડા કરી
મેં બધાંને દીધાં વહેંચી.
તો પણ રહ્યું એ મોતી.
પૂર્ણમાંથી પૂર્ણ આપી ધો
તો પણ રહે તો પૂર્ણ જને?
એ પૂર્ણ એટલે મારો **પ્રેમ**!

- પ્રા. અંજની ઉપાધ્યાય

# (૧૬)

## પ.પૂ. પ્રેમ અવધૂતજીની બિરુદાવલીઓ

સનાતન ધર્મપાલન કૃત નિશ્ચય ।
ગુરુસેવા સમર્પિત સમ્પૂર્ણજીવનક્રમ ।
સેવામૂર્તિપદપ્રાપક ।
પ્રાણિમાત્રહૃદયસ્થગુરુરઙ્ગદર્શનપરાયણ ।
શાન્તાબેનમુખપદ્મદિવાકર ।
ભરદ્વાજમુનિગોત્રભૂષણ ।
કૃપાશંકર આનન્દવર્ધન ।
શ્રીપ્રેમાવધૂતો વિજયતેતરામ્ વિજયતેતરામ્ વિજયતેતમામ્ ।

- પ્રા. શ્રી શિવુભાઈ દવે

✻

અનંતકોટી બ્રહ્માંડનાયક, રાજાધિરાજ, સદ્‌ગુરુ શ્રીરંગાવધૂતાય પરમપ્રિય શ્રેષ્ઠ સેવક, શ્રીકૃપાશંકરશાંતિનંદન, મૃદુ, શાંત, સૌમ્ય, સરલ, મધુર, પ્રેમાવતાર, શરણાગતભક્તવત્સલ, પરબ્રહ્મસ્વરૂપ, શ્રીરંગચરણરજસ્વરૂપ, શ્રીમદ્ પ્રેમાવધૂતો વિજયતેતરામ્ વિજયતેતરામ્ વિજયતેતમામ્.

- શ્રી રજનીકાન્ત ક. સુરતી

✻

અખંડ રંગનામ સ્મરણાત્મક મીની નારેશ્વર લીંચ નિવાસક
અનેક ભક્ત જ્ઞાનોપદેશક પ્રેમ રસ પ્રવાહક
શ્રી-કૃપયા શાંતાબા કૂખ ઉજવાળક
પરમ રંગ પ્રસાદ ઉત્તેજક
શ્રી પ્રેમાવધૂતો વિજયતેતરામ્ વિજયતેતરામ્ વિજયતેતમામ્.

✻


## (૧૭)

## ધૂન

**પ્રેમ** અવધૂત રે **પ્રેમ** અવધૂત
પાંડુરંગનો પ્યારો મારો **પ્રેમ** અવધૂત.

તા. ૨૩-૩-૨૦૦૩. - સુમનભાઈ પુરોહિત
(ભજનભાસ્કર)

✻



નારેશ્વરમાં ઉજવાયેલા 'અવધૂતગાથા'ના ૧૦૧માં
પ્રયોગમાં પૂ. પ્રેમ અવધૂતજી બન્યા મુ. બચુભાઈ

# સેવક સચ્ચિદાનંદ થાય

સેવા સેવા શું કહો, સેવા સહુ સુખમૂળ,
ભાવે સદ્‌ગુરુ સેવતાં, થાયે જગ અનુકૂળ. .૧.

ગુરુસેવા પ્રેમે કરી, ધરે ન ઉર અભિમાન,
ગુરુવૃત્તિ પરખી રહે, સેવક બને અમાન. .૨.

ગુરુવૃત્તિ તે આપણી, ગુરુમાં આપ સમાય,
થતાં વૃત્તિ બે એક ત્યાં,સેવક સચ્ચિદાનંદ થાય. .૩.

સમગ્રતામાં મહાલતો, સાચો સદ્‌ગુરુ તેહ,
એવા સદ્‌ગુરુ સેવતા, ક્યાંથી રહે સંદેહ? .૪.

ગુરુ-આજ્ઞા પૂર્વે સ્ફૂરે, શિષ્ય તણા મન માંહ્ય,
એવા શિષ્યને શોધવા, ફરે ગુરુ જગ માંહ્ય. .૫.

મનથી સેવા જે કરે, ભલે હોય ગુરુ દૂર,
સેવા મર્મ સમજી લહે, એને ક્યાં ગુરુ દૂર? .૬.

પ્રેમ પ્રેમ જન શું કરો, પ્રેમ સબકુછ ભાય,
પ્રેમે સદ્‌ગુરુ સેવતાં, પ્રેમ પ્રેમમય થાય. .૭.

પ્રેમ થયે પડદો ખસે, પરમેશ્વર દેખાય,
પ્રેમ વિના સહુ વ્યર્થ છે, પ્રેમ-રંગ રંગાય. .૮.

- પ્રેમ અવધૂત